RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 83 Date: 13.01.2024 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ફરી નવી ઓલ-ટાઈમ હાઈ પર બજારો; સેન્સેક્સ ૭૨,૭૨૦.૯૬, નિફ્ટી ૨૧,૯૨૮.૨૫ની નવી ટોચે પહોંચ્યો




મુંબઈ,તા.૧૨

ભારતીય શેરબજારમાં સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે બમ્પર ખરીદી જોવા મળી હતી અને બજાર નવી ઓલ-ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. શુક્રવારે,બીએસઇ સેન્સેક્સ બેન્ચમાર્ક પ્રથમ વખત ૭૨,૭૨૦.૯૬ ના સ્તરે પહોંચ્યો હતો. નિફ્ટીએ પણ પહેલીવાર ૨૧૯૦૦ની સપાટી વટાવીને ૨૧,૯૨૮.૨૫ની સપાટીએ પહોંચી ગયો હતો. શુક્રવારના ટ્રેડિંગ સેશન દરમિયાન આઈટી અને પીએસયુ બેન્કિંગ સેક્ટરના શેર્સમાં સારી ખરીદી જોવા મળી હતી અને આ સેક્ટર્સ ટોપ ગેઈનર હતા.સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, બીએસઈ ના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૪૭.૨૭ પોઈન્ટ અથવા ૧.૧૮% ના વધારા સાથે ૭૨,૫૬૮.૪૫ ના સ્તર પર બંધ થયા છે. બીજી તરફ એનએસઇના ૫૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૨૪૭.૩૫ પોઈન્ટ અથવા ૧.૧૪% ના વધારા સાથે ૨૧,૮૯૪.૫૫ ના સ્તર પર બંધ થયા છે. શુક્રવારે રૂપિયો ૧૧ પૈસા મજબૂત થયો હતો અને ડોલર સામે ૮૨.૯૨ પર બંધ થયો હતો.

ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ અઠવાડિયાના છેલ્લા દિવસે એટલે કે શુક્રવારે બમ્પર ઉછાળો જોવા મળ્યો હતો. આઈટી, રિયાલિટી સહિતના મોટાભાગના સેક્ટરમાં ખરીદી થઈ હતી. બપોર સુધીમાં બીએસઇ સેન્સેક્સ ૯૨૦ પોઈન્ટ વધીને ૭૨,૭૨૦ની ઉપર પહોંચ્યો હતો. તે જ સમયે, નિફ્ટી ૫૦માં ૨૫૬ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ ૨૧,૯૨૮ની આસપાસ પહોંચ્યો હતો. બીજી તરફ બેંક નિફ્ટી પણ ૩૭૩ પોઈન્ટના વધારા સાથે ૪૭,૮૧૧ની ઉપર ટ્રેડ કરી રહ્યો હતો આઈટી સેક્ટરના સૌથી મોટા સ્ટોક ઈન્ફોસિસના શાનદાર પરિણામોની અસર શેરના ભાવ પર જોવા મળી હતી અને આજે આ શેર લગભગ ૮ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૬૧૨ પર પહોંચી ગયો હતો. આ સિવાય ટેક મહિન્દ્રા, વિપ્રો, ટીસીએસ, એચસીએલ ટેક નિફ્ટીના ટોપ ગેનર્સમાં સામેલ છે.એનએનજીસીમાં પણ ૪.૬૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

ભારતીય શેરબજાર આજે રેકોર્ડ ઊંચાઈ સાથે બંધ થયું હતું. આઈટી સેક્ટરમાંથી મળેલા સમર્થન બાદ નિફ્ટીએ રેકોર્ડ હાઈને પાર કર્યો છે. શુક્રવારે ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ પહેલીવાર ૨૧૯૦૦ને પાર કરી હતી. આ સાથે જ સેન્સેક્સ પણ ૭૨,૭૨૦ના રેકોર્ડ સ્તરને સ્પર્શી ગયો છે. આજના ટ્રેડિંગ પછી નિફ્ટી ૨૬૦ પોઈન્ટ વધીને ૨૧,૯૦૮ પર બંધ થયો, સેન્સેક્સ ૮૪૭ પોઈન્ટ વધીને ૭૨,૫૬૮ પર બંધ થયો. તે જ સમયે, નિફ્ટી બેંક ૨૯૦ પોઈન્ટ વધીને ૪૭,૭૨૮ પર બંધ થયો છે.

# લોકોની ભીડને જોતા અમદાવાદ ફ્લાવર શોના સમાપનની તારીખ લંબાવવામાં




અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં આયોજીત ફ્લાવર શોને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યું છે. ફ્લાવર શોનું સમાપન ૧૫ જાન્યુઆરીએ થવાનું હતું, પરંતુ લોકોની ભીડને જોતા ફ્લાવર શો પાંચ દિવસ માટે લંબાવી દેવામાં આવ્યો છે. અમદાવાદ રિવરફ્રન્ટમાં આયોજીત ફ્લાવર શો હવે ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે. આ સાથે જ લોકો હવે તેની ભરપૂર મઝા માણી શકશે.

આ વિશે તમને જણાવીએ કે અમદાવાદ શહેરના રિવરફ્રન્ટ પર એએમસીએ ૩૧મી ડિસેમ્બરથી ફ્લાવર શોનું આયોજન કર્યું હતું. આ વચ્ચે રોજ મોટી સંખ્યામાં શહેરીજનો ફ્લાવર શોની મુલાકાત લઇ રહ્યાં હોવાથી છેલ્લા એક સપ્તાહમાં ૫ લાખથી લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જે જોતાં ૩૧ ડિસેમ્બરથી શરૂ થયેલો ફ્લાવર શોને હવે ૨૦ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે.એટલું નહીં, ફ્લાવર શોમાં વધતી જતી ભીડને લઈને છસ્ક્ઝ એ રાત્રે ૧૧ વાગ્યા સુધી ફ્લાવર શો ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. બીજી બાજુ બુધવારે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પણ સૌથી મોટા સ્ટ્રક્ચર માટેનો એવોર્ડ અમદાવાદ ફ્લાવર શોને આપ્યો છે. જે પછી વડાપ્રધાન મોદીએ પણ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી.

ફ્લાવર શોમાં આવતાં લોકો માટે સામાન્ય દિવસોમાં સોમવારથી શુક્રવાર દરમિયાન પ્રવેશ ફી ૫૦ રૂપિયા છે. જ્યારે શનિવાર અને રવિવારના દિવસે રૂ. ૭૫ ફી પેટે વસૂલવામાં આવી રહ્યા છે. જ્યારે ફ્લાવર શોમાં ૧૨ વર્ષથી નાના બાળકોને મફતમાં પ્રવેશ આપવામાં આવે છે. ફ્લાવર શોમાં ૧૫ લાખથી વધારે ફૂલ-છોડના રોપા છે. ૭ લાખ કરતાં વધુ રોપાથી ૪૦૦ મીટર લાંબુ ફ્લાવર સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે. જે આકર્ષણનું કેન્દ્ર છે.

# ઉત્તરાયણ પર પતંગ રસિકોને મોજ પડી જશે, ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે

અમદાવાદ,તા.૧૨

ઉત્તરાણનાં પર્વને હવે ગણતરીનાં દિવસો બાકી છે. પતંગરસિયાઓ માટે આનંદના સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં હવામાન નિષ્ણાંત દ્વારા ઉત્તરાયણનાં દિવસે અમદાવાદ સહિત રાજ્યમાં પવનને લઈ આગાહી કરી છે. જમાં રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારમાં પ્રતિ કલાકે ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે વાસી ઉત્તરાયણનાં દિવસે પવનની ગતિ ઘટી ૨ થી ૧૦ કિ.મી. રહેવાના હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી છે.

આ બાબતે અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે, જાન્યુઆરી-૨૦૨૪ ની ઉત્તાયણનાં દિવસે કચ્છ, સુરેન્દ્રનગર, સુરત, વલસાડમાં પવનની ગતિ પ્રતિ કલાકે ૧૬ કિમીની રહેવાની શક્યતા છે. જ્યારે ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાત, મધ્ય ગુજરાત, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, જૂનાગઢ, જામનગરમાં પ્રતિ કલાકે ૧૨ કિમી પવનની ગતિ રહેશે. તેમજ આ વખતે પવન ઈશાન બાજુ રહેવાની શક્યતાઓ છે. તેમજ દિવસ દરમ્યાન પવન ફરતો પણ રહેશે. સામાન્ય પવનની વાત કરીએ તો વિરમગામ, કડી, મહેસાણા, સિદ્ધપુર, વડનગર, પાટણ, હારીજ, માણસા, રાધનપુર, મોરબી, હળવદમાં પ્રતિ કલાકે ૭ થી ૧૨ કિમીની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે દ્વારકા, ઓખામાં ૨૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે. ત્યારે અમદાવાદમાં સવારે ૧૩ કિ.મી. તો બપોરે ૨૦ થી ૨૩ તેમજ સાંજે ૧૪ થી ૨૩ કિ.મી. ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

# રાજયમાં મૌસમનું સૌથી નીચું તાપમાન નલિયામાં ૫.૧ સે. નોંધાયું

અમદાવાદ,તા.૧૨

કચ્છમાં તાપમાનનો પારો આજે ગગડયો હતો અને રાજયમાં મૌસમનું સૌથી નીચું તાપમાન નલિયામાં ૫.૧ સે. નોંધાયું છે. જયારે ભૂજ અને કંડલા એરપોર્ટ ઉપર પણ પારો ૧૨ સે.નીચે ઉતર્યો હતો. રાજયમાં આજે રાત્રિથી સવાર ઠંડી જારી રહી હતી અને મૌસમ વિભાગ અનુસાર બે દિવસ બાદ મકરસંક્રાંતિ પર્વ ટાણે ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. જો કે આકાશ એકંદરે ચોખ્ખુ રહેશે અને પવનની ઝડપ જારી રહેશે.

આજે ફરી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ત્રાટક્યું છે અને હજુ આવો પશ્ચિમી વિક્ષોભ તા. ૧૬ આસપાસ ત્રાટકવાની શક્યતા છે જેના પગલે મૌસમ વિભાગે કાશ્મીર સહિત સ્થળે બરફ વર્ષા થવાની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે બરફવર્ષાનું પ્રમાણ ઓછું રહ્યું છે અને ગુજરાતમાં ઉત્તર-પૂર્વના પવન છતાં હજુ એક પણ વખત શીતલહર આવી નથી.

આજે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ઠંડી રાજકોટમાં ૧૨.૯ સે.નોંધાઈ હતી જયારે સુરેન્દ્રનગર, જુનાગઢમાં ૧૪.૫, કેશોદ અને અમરેલીમાં ૧૫, દ્વારકામાં ૧૫.૬, વેરાવળ ૧૮.૯, દિવમાં ૧૮, મહુવા ૧૭.૩ સે. સાથે ગુલાબી ઠંડી રહી હતી પરંતુ, આજે બપોરનું તાપમાન અમરેલી, રાજકોટ, પોરબંદર, વેરાવળ, દિવ, સુરેન્દ્રનગર, કેશોદ સહિત મોટાભાગના સ્થળોએ ૩૦ સે.ને પાર થઈ જતા જલ્દી નહીં મટતા વાયરલ શરદી-ઉધરસના કેસોમાં વધારો જારી રહ્યો છે.

ગુજરાતમાં સૌથી નીચું તાપમાન ડીસા ખાતે ૧૧.૨ જયારે અમદાવાદ ૧૬.૪, વડોદરા ૧૭.૬ અને સુરતમાં ૧૯.૨ સે.તાપમાને સામાન્ય ઠંડી રહી હતી. ભારતીય કેલેન્ડર મૂજબ આવતીકાલે સૌથી વધુ ઠંડી સામાન્ય રીતે જે માસમાં પડતી હોય છે તે પોષ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે ગુજરાતને અલનીનો અને ગ્લોબલ વોર્મિંગની તીવ્ર અસર વર્તાઈ રહી છે જેના કારણે શિયાળો અપસેટ રહે છે. એકધારી કે તીવ્ર ધ્રુજાવી દેતી ઠંડી પડતી નથી.

# આફ્રિકાના સ્વાઝીલેન્ડમાં ગુજરાતી પરિવારના સભ્યો અકસ્માતનો ભોગ બન્યા

ભરૂચ,તા.૧૨

આફ્રિકામાં સ્વાઝીલેન્ડમાં ભયંકર કાર અકસ્માતમાં થયો. આ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મૃત્યુ થયા હોવાનું સામે આવ્યું છે. સ્વાઝીલેન્ડમાં અકસ્માતનો ભોગ બનેલ ગુજરાતી પરિવાર ભરૂચના રહેવાસી છે. ગુજરાતી પરિવારની કારને આફ્રિકાના સ્વાઝીલેન્ડમાં ભયંકર અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં પરિવારના ત્રણ લોકોના મોત થયા છે.

સ્વાઝીલેન્ડમાં અકસ્માતનો ભોગ બનેલ ગુજરાતી પરિવાર ભરૂચ જિલ્લાના મનુબર ગામના રહેવાસી છે. મનુબર ગામના વતની રહીશ ઈલ્યાસ પટેલ લાંબા સમયથી આફ્રિકામાં રહે છે. ઈલ્યાસ પટેલ પોતાના પરિવાર સાથે આફ્રિકામાં સ્થાયી થયા હતા. ઈલ્યાશ પટેલ અકસ્માત સમયે પોતાના બે સંતાન સાથે એક મિત્રના ઘરે જતા હતા. દરમ્યાન ભયંકર અકસ્માત સર્જાયો.

# મિશન ગ્રીન હાઈડ્રોજન ગુજરાત લોન્ચિંગ ‘ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યુ

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ સમિટની દસમી કડીનાં ત્રીજા દિવસે મિશન ગ્રીન હાઈડ્રોજન ગુજરાત લોન્ચ કર્યું છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને ગુજરાત સરકાર વચ્ચે કરાર થયા છે. હાઈડ્રોજન ક્ષેત્રે નવી શોધ અને મદદ માટે બંને વચ્ચે એમઓયુ થયા છે. આ પ્રસંગે મુખ્યપ્રધાને કહ્યું હતુ કે, કલાઈમેટ ચેન્જનાં પડકાર સામે લડવા ભારત આગળ વધી રહ્યું છે, ત્યારે રિન્યુએબ્લ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન માટે કામ કરી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેમિનારમાં જણાવ્યું હતુ કે વડાપ્રધાનનાં માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાત દેશનું ગ્રીન હાઈડ્રોજન હબ બનાવા માટે સજ્જ છે. સરકારે ગ્રીન હાઈડ્રોજનનાં ઉત્પાદન માટે ખાસ લેન્ડ પોલિસી બનાવી છે અને કચ્છ તથા બનાસકાંઠા જિલ્લામાં ૨ લાખ હેક્ટરની વેસ્ટ લેન્ડ ફાળવી છે. તેમણે જણાવ્યુ કે વડાપ્રધાને દેશમાં ફ્યુચરીસ્ટીક એનર્જી ડિમાન્ડને પહોંચી વળવા માટે ક્લીન અને ગ્રીન એનર્જી દ્વારા ગ્રીન ગ્રોથ પર ભાર મૂક્યો છે.

તેમણે ઉમેર્યુ હતુ કે ગુજરાત વડાપ્રધાનના આ વિઝનને સુસંગત ગ્રીન ગ્રોથ માટે પ્રતિબદ્ધ છે. આ હેતુસર આગામી પાંચ વર્ષ માટે ગ્રીન ગ્રોથ સેક્ટર માટે ૨ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. વિશ્વમાં ઉર્જાની માગને પહોંચી વળવા માટે ફોસીલ ફ્યુઅલ પરનું ભારણ ઘટાડવા વિશે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, માનવજાતનાં કલ્યાણ માટે આપણે એનર્જી ઓલ્ટરનેટિવ શોધવા આવયશ્યક છે અને ગ્રીન હાઈડ્રોજન દ્વારા ઊર્જા સુરક્ષા, ક્લીન એનર્જી અને નેટ ઝીરો ત્રણેય લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ.

આ તકે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી ઓફ કેલિફોર્નીયા, બર્કલે અને ગુજરાત સરકાર, જીએસપીસી અને ગિફટ સીટી, એનટીપીસી અને જીએસપીસી તેમજ જીએસપીસી અને જીપીસીએલ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા.

સેમિનારમાં યોજાયેલા પેનલ ડિસ્કશન સેશનમાં વિષય નિષ્ણાંતો દ્વારા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન, તેની વેલ્યુ ચેઈન, આર્થિક તકો અને ઊર્જા સંક્રમણ માટે ઉભરતી ટેક્નોલોજી જેવા અગત્યના મુદ્દાઓ પર ચિંતન અને મંથન કરવામાં આવ્યું હતું. આ પેનલ ડિસ્કશનમાં નોર્વેના ગ્રીનસ્ટાટ હાઈડ્રોજનના ચેરમેન સ્ટર્લી પેડરશન, બ્યૂરો ઓફ એનર્જી એફિસીયન્સીના ડાયરેક્ટ અભય બકરે, અદાણી ગ્રુપના ગ્રીન હાઈડ્રોજનના સીઈઓ રજત સકસેરિયા સહિતના વિષય તજજ્ઞો પેનલ ડિસ્કશનમાં સહભાગી થયા હતા. સેમિનારમાં ઊર્જા મંત્રીકનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત દેશના સૌથી લાંબા દરિયા કિનારા સાથે જળમાર્ગ, ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ, ગુજરાત સરકારની નીતિ વિષયક સક્રિયતા, સંતુલિત નેતૃત્વ સાથે ઉદ્યોગોને જરૂરી સવલતો પૂરી પાડવાના કમીટમેન્ટ સહિતની બાબતો ગુજરાતને અન્યથી એક વિશેષ સ્થાન અપાવે છે. રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે દેશભરમાં ગુજરાત અગ્રીમ હરોળમાં સ્થાન ધરાવતું રાજ્ય બન્યું છે.

તંત્રી લેખ......

# અનામતની સીમા

બિહાર વિધાનમંડળમાં જાતિગત, આર્થિક, શૈક્ષણિક સર્વે રિપોર્ટનો આંકડો જાહેર કરતાં મુખ્યમંત્રી નીતિશ કુમારે ઓબીસી, ઈબીસી તથા એસસી, એસટી માટે અનામતનો દાયરો ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાની જે જાહેરાત કરી છે, તેનાથી કુલ અનામત ૭૫ ટકા થઈ જવાનું છે. વળી, આ અનામતની અસર માત્ર બિહાર સુધી જ સીમિત નથી રહેવાની, પરંતુ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે અને લોકસભા ચૂંટણીઓ પહેલાં તેના દ્વારા વિપક્ષી ગઠબંધન એક રાજકીય સંદેશ આપવાની કોશિશ કરી રહ્યો છે. આ સર્વેથી નોકરી, શિક્ષણ અને આવકમાં હિસ્સેદારી કરી જે તસવીર સામે આવી છે, એ જ આધાર પર બિહાર સરકાર અનામતની સીમા વધારવાનું વિધેયક લાવી રહી છે. ભાજપ સહિત બીજા પક્ષો બિહારમાં થયેલ આ સર્વેનો વિરોધ નથી કરી રહ્યા, એના પરથી સમજી શકાય છે, કારણ કે એ જાણવું જરૂરી છે કે કુલ આબાદીમાં કોની હિસ્સેદારી કેટલી છે અને તેમની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ શી છે.

પરંતુ સર્વે રિપોર્ટના આધાર પર અનામતનો દાયરો વધારવા માટે વિધેયક લાવવું સામાજિક બહેતરીને બદલે પોતાનાં રાજકીય હિતો સાધવાની જ કોશિશ વધારે લાગે છે. અનામતની શરૂઆત સામાજિક વિષમતા ખતમ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી અને એનો પણ ઈનકાર નહીં કે તેના દ્વારા સામાજિક સશક્તીકરણનો ઉદ્દેશ્ય એક હદ સુધી પૂરો પણ થયો છે. પરંતુ અનામતને કારણે પછાત વર્ગોમાં એક મલાઈદાર વર્ગ પણ પેદા થઈ ગયો છે, જેનાથી વાસ્તવિક પછાત વર્ગ તેના લાભથી વંચિત રહી જાય છે અને મલાઈદાર વર્ગ જ મોટાભાગની ‘મલાઈ’ ખાઈ જાય છે. વળી તમામ રાજકીય પાર્ટીઓએ અનામતને જે રીતે પોતાની રાજનીતિનું ઓજાર બનાવી લીધું છે, તે ચિંતાજનક છે. ક્યાં સામાજિક સશક્તીકરણ પૂરું થતાં અનામતને ખતમ કરવાની વાત કરવામાં આવી હતી અને ક્યાં રાજકીય લાભ માટે તેની સીમા સતત વધારવામાં આવી રહી છે. સર્વોચ્ચ ન્યાયાલયે એક માપદંડ નક્કી કરવામાં આવ્યો હતો કે અનામત ૫૦ ટકાથી વધારે ન હોવી જોઈએ, નહીં તો તે સામાન્ય વર્ગ માટે અન્યાય સમાન ગણાશે. પરંતુ હવે તો રાજકીય પક્ષો એ હદને વળોટી જવા ધમપછાડા કરી રહ્યા છે અને તેમને કશાની પરવા રહી નથી. જાતિગત અનામતની સીમાને ૫૦ ટકાથી વધારના કાયદો સુપ્રીમ સમક્ષ ટકશે કે નહીં તે ખબર નહીં, પણ પછાતપણું દૂર કરવાનો એકમાત્ર ઉપાય અનામત તો નથી જ. જે બિહાર પછાતોના હિતોની રાજનીતિનો મજબૂત ગઢ રહ્યો છે, ત્યાંથી અનામતની સીમા વધારવાનું આ પગલું બીજાં રાજ્યોને તો પ્રભાવિત કરશે જ, સાથે જ વિપક્ષી ગઠબંધન તેના દ્વારા ભાજપ પર દબાણ પણ વધારવા માંગે છે. ભાજપે સર્વે રિપોર્ટના આંકડાઓની વિશ્વસનીયતા પર જે રીતે સવાલ ઉઠાવ્યા છે,

# અબોલ જીવોના સેવક : ઈન્દુબેન પ્રજાપતિ



ઉત્તરાયણ એટલે આનંદ અને ઉલ્લાસનો તહેવાર. ઉત્તરાયણ આવે એટલે સૌ કોઈ ધાબા પર ચડીને પતંગ ચગાવવાની મજા માણતાં જોવા મળે છે. જેમને પતંગ ચગાવતાં ન આવડતું હોય એ લોકો પણ રંગબેરંગી પતંગોને આકાશમાં ઉડતી જોવાનું અને કોઈની પતંગ કપાતાં ચીચીયારીઓ પાડવાનું ચૂકતાં નથી. ઉત્તરાયણના આ પર્વ પર જ્યારે બધાની નજર આકાશમાં લહેરાતી પતંગો ઉપર હોય છે, ત્યારે એક સેવાના ભેખધારી મહિલાની નજર આકાશમાં ઊડતાં પારેવાં પર હોય છે. એ મહિલાની નજર પતંગના દોરાથી પોતાનો જીવ બચાવીને પોતાના બચ્ચાંઓ માટે અન્ન દાણો શોધવા નીકળેલા પક્ષીઓ પર હોય છે. એ મહિલા એટલે સ્ત્રી સશક્તિકરણનું જીવતું જાગતું ઉદાહરણ શ્રીમતી ઈન્દુબેન એસ. પ્રજાપતિ.... ઉત્તરાયણ પર જ્યારે સૌ કોઈ અવનવી પતંગોની મજા માણી રહ્યાં હોય, બધાની નજર ફક્ત પતંગ પર હોય, ત્યારે એ પતંગના દોરાથી કપાઈને તરફડતા પંખીઓની દરકાર કોણ કરે? એક તો વર્ષમાં એક દિવસ આ પતંગોનો આનંદ લૂંટવાનો હોય ત્યારે આ પક્ષીઓની ચિંતા કરવાનો સમય જ કોની પાસે હોય? આવા સમયે પણ ઈન્દુબેન પ્રજાપતિ જેવા કેટલાક સેવાના ભેખધારી લોકો હોય છે, જે તહેવારની મજા બાજુમાં મૂકીને અબોલ જીવોની સેવા કરવા નીકળી પડે છે. કવિશ્રી ઉમાશંકર જોશીના બામણા ગામની નજીક આવેલાં ગામ પુનાસણમાં જન્મેલાં ઈન્દુબેન પ્રજાપતિએ પોતાના દમ પર એક સંસ્થા ઊભી કરી છે. ‘માનવસેવા એ જ પ્રભુસેવા‘ને પોતાનો જીવનમંત્ર ગણી માનવસેવાના ઉચ્ચ શિખરો સર કરતી આ સંસ્થા એટલે ‘શ્રવણ સુખધામ પંચવટી‘. ઈન્દુબેન પ્રજાપતિ દ્વારા સ્થાપિત આ સંસ્થા અનેક માનવીય અને સામાજિક કાર્યો થકી સમાજમાં માનવતાને ધબકતી રાખવાનું કાર્ય કરી રહી છે. અનેક સામાજિક કાર્યો થકી આ સંસ્થા આજે જરૂરિયાતમંદ લોકોનો સહારો બની છે તથા અનેક તહેવારોની ઉજવણી થકી આ સંસ્થા દેશની સાંસ્કૃતિક વિરાસતને જાળવવાનું કાર્ય કરી રહી છે. ઈન્દુબેન પ્રજાપતિની આ સંસ્થાએ અરવલ્લીની ગિરિમાળાઓમાં સેવાની ધૂણી જલાવી છે. આ સંસ્થા દ્વારા ભૂખ્યને અન્ન અને તરસ્યાને જળ આપવામાં આવે છે. વનમાં ભટકતાં કપિરાજો માટે લાડુ તથા શ્વાનો માટે રોટલીની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત અંતરિયાળ વિસ્તારની ગરીબ દીકરીઓને માસિક ધર્મ માટે નિઃશુલ્ક સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવે છે. પોતાના આ સેવાકાર્યને કારણે તેઓ સમગ્ર પંથકમાં ‘પેડવુમન‘ તરીકે પણ ઓળખાય છે. ઈન્દુબેન પ્રજાપતિ દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે ‘વિહંગનો વિસામો‘ અભિયાનને વહેતું મૂકવામાં આવે છે. ઉત્તરાયણ પર પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓની માવજત કરવામાં આવે છે તથા જેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું હોય તેવા મૃત પશુપક્ષીઓની સહ સન્માન અંતિમવિધિ કરવામાં આવે છે. ઉનાળામાં ધોમધખતા તાપથી બચવા આપણે એર કન્ડીશન રૂમમાં છુપાઈ જઈએ છીએ, પરંતુ આ પક્ષીઓ ક્યાં જાય? આ પક્ષીઓ માટે ઈન્દુબેન પ્રજાપતિની સંસ્થા દ્વારા પાણી માટેનાં કુંડા અને માટીના માળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આવા માટીનાં પક્ષીઘર વાતાનુકૂલ હોય છે, જે શિયાળામાં હૂંફ અને ઉનાળામાં ઠંડક પ્રદાન કરે છે. આવા પ્રેમથી બનાવેલાં માટીના માળામાં પોતાનું ઘર વસાવીને આ અબોલ પક્ષીઓ માનવીને મૂક આશીર્વાદ આપતા હોય એવું લાગે છે.

★લેખક :- પાર્થ પ્રજાપતિ★

★( વિચારોનું વિશ્લેષણ)★

# મકરસંક્રાંતિ -દાન પુણ્ય કરવાનું મહામૂલું પર્વ

આપણાં હિન્દુ તહેવારોમાં મકરસંક્રાંતિનું પર્વ જ તારીખ પ્રમાણે એટલે કે ૧૪મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે, બાકીનાં બધાં પર્વો તથા તહેવારો તિથિ પ્રમાણે ઉજવવામાં આવે છે. ૧૪ મી જાન્યુઆરીને મકરસંક્રાંતિ અથવા ઉતરાયણ તરીકે ઓળખવામાં આવે છે. ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિએ, આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોવાથી, આ તહેવારને મકરસંક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. બીજું સૂર્ય આ દિવસે ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉતરાયણ તરીકે પણ ઓળખવામાં આવે છે. મકરસંક્રાંતિનું પર્વ હર્ષોલ્લાસનું પર્વ છે. આ દિવસે નાનાં મોટાં તમામ સંપ્રદાયના તથા જ્ઞાતિઓના પ્રજાજનો વહેલી સવારથી જ પોતપોતાના મકાનોની અગાશી, ધાબા, પતરાં, ઉંચી ટેકરી પરથી પતંગ ચગાવવાનો આનંદ માણે છે.આ પર્વ એવું પર્વ છે કે તમામ જ્ઞાતિના જ્ઞાતિજનો સામૂહિક રીતે ઊજવે છે. ભારતના અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં ઉતરાયણનું પર્વ બહું ધામધૂમથી ઉજવવામાં આવે છે અને પતંગો પણ બહોળા પ્રમાણમાં ચગાવવામાં આવે છે. નાનાં મોટાં તમામ



વ્યક્તિઓ એકબીજાની પતંગ કાપવાનો અનેરો આનંદ માણે છે.રંગબિરંગી પતંગોથી આખું આકાશ ભરપૂર દેખાય છે અને લોકો પતંગમય બની જાય છે. બીજું ઉતરાયણ શિયાળામાં આવે છે અને શિયાળામાં સૂર્યનાં કિરણો સ્વાસ્થ્ય માટે લાભકારી છે તેથી દરેકને કુદરતી તડકાનો ફાયદો મળી રહે તે હેતુથી પણ ઉતરાયણના દિવસે પતંગ ઉડાડવાનો રિવાજ અમલી બન્યો હશે.

મકરસંક્રાંતિનો દિવસ બહું પવિત્ર અને પાવન ગણાય છે. આ દિવસે લોકો સવારમાં વહેલાં ઉઠી દેવદર્શન કરવા જાય છે. મંદિરની આજુબાજુ બેઠેલાં ભિક્ષુઓને યથાયોગ્ય ભિક્ષા કે દાન આપે છે, ગાયોને લીલું ઘાસ તથા ઘૂઘરી ખવડાવે છે. મકરસંક્રાંતિના દિવસે મોટાભાગના લોકો પોતાના ઘરની અગાશી કે મજામાં સમૂહમાં બેસીને ઊંધિયું તથા ગરમાગરમ જલેબીની જ્યાફત માણે છે. ચારેબાજુ શોરબકોર, હલ્લાગુલ્લા અને ખુશહાલીનો માહોલ છવાઈ જાય છે. નાના બાળકોને કપાયેલા પતંગો લૂંટવાની બહું મજા આવે છે.ઉતરાયણના દિવસે લોકો બોર, જમફળ તથા શેરડીનો પણ રસાસ્વાદ માણે છે. દરેકનાં ઘરોમાં તલસાંકળી તથા ગોળપાપડી બનાવવામાં આવે છે. શિયાળામાં તલ આરોગ્ય માટે ફાયદાકારક હોવાથી કદાચ તલસાંકળી ખાવાનો વિચાર આપણાં પૂર્વજોને સુઝ્યો હશે.

મકરસંક્રાંતિના દિવસે પતંગ ચગાવવાની તથા લૂંટવાની બાબતમાં લડાઈ ઝઘડાં તથા મારામારીના બનાવો બનતાં હોય છે.કેટલાંય લોકોનાં હાથની આંગળીઓ ચિરાઈ જાય છે, કેટલાંય નિર્દોષ પક્ષીઓ ધારદાર દોરીનો ભોગ બની ઘવાય છે અથવા મોતને શરણ થાય છે. ક્યારેક નાના બાળકો ધાબા ઉપરથી પડી જવાના પ્રસંગો બને છે એથી સુખનો પ્રસંગ શોકનો અવસર બની જાય છે. રાતે લોકો ગુબ્બારા કે તુક્કલ ચગાવવાનો આનંદ માણે છે. અમુક લોકો અગાશીમાં આકાશી ફટાકડા ફોડીને વાતાવરણમાં ઝગમગાટ લાવી અનેરો આનંદ માણે છે.

મહાભારતના યુદ્ધમાં મહાધનુર્ધર અર્જુનના બાણથી આખા શરીરે ઘવાયેલા ભિષ્મ પિતામહ બાણશય્યા પર શયન કરે છે તેમને ઈચ્છા મૃત્યુનું વરદાન હોવાથી પોતાના પ્રાણ ત્યાગવાનો દિવસ ઉતરાયણ જ નક્કી કર્યો હતો અને જ્યાં સુધી ઉતરાયણ ન આવે ત્યાં સુધી શરીરમાં ભોંકાયેલા બાણોની પીડા વેઠીને પણ સૂરજ સામું નજર કરીને બાણશય્યા પર સૂતેલાં જ રહે છે. આમ ઉતરાયણ કે મકરસંક્રાંતિનું પર્વ આદિઅનાદી કાળથી માનવજાત સાથે જોડાયેલું છે. ખરેખર મકરસંક્રાંતિનું પર્વ માણવાનું અને ઉજવવાનું અનેરું માહાત્મ્ય છે.

યોગેશભાઈ આર જોશી

# મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામના પવિત્ર જીવનની પ્રેરણાથી સમસ્ત મહાજન દ્વારા ૨૧ જાન્યુઆરી, રવિવારના રોજ મુંબઈમાં જીવદયા મહોત્સવનું આયોજન



સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે. ૧૯૯૬નાં દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. ગિરીશભાઈને ત્રણ જૈન સાધુઓએ જુદા જુદા પ્રસંગે ગૌરક્ષા અને પશુ કલ્યાણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાની સલાહ આપી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. "સેવા અને રક્ષણ કરો". ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઈ શાહ વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.

સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી ‘અર્હમ અનુકંપા’ પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લાં કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

૨૧ જાન્યુઆરી, રવિવારનાં રોજ મુંબઈમાં જીવદયા મહોત્સવનું આયોજન કરવામાં આવશે. મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રી રામના પવિત્ર જીવનની પ્રેરણાથી દાતાઓના સહયોગથી મહારાષ્ટ્રની ગૌશાળા પાંજરાપોળને ૧ કરોડ ૮ લાખ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવશે. ભગવાન રામ પણ પોતાના જીવનમાં પશુ, પક્ષીઓનું ઋણ સ્વીકાર કરતા રહ્યા છે. પશુ, પક્ષીઓ રામ ભગવાનનાં જીવનમાં યુદ્ધ સમયે તેમની સાથે રહ્યા છે. પશુ, પક્ષીઓને પવિત્ર દિવસની ઉજવણીમાં સહભાગી કરવા માટે સમસ્ત મહાજન દ્વારા આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સમસ્ત મહાજનનાં ગિરિશભાઈ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, પરેશભાઈ શાહ, નીતિનભાઈ વોરા, નુતનબેન દેસાઈ, ગિરીશભાઈ સત્રા, મિત્તલ ખેતાણી સહીતનાઓની ટીમ દ્વારા સૌ જીવદયા પ્રેમીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાંદરાના ઉત્પાતથી કેટલા નળિયા તૂટ્યા એનો અંદાજ ડ્રોન મારફતે રાજુ રદીને કઢાવવા છે. કોઇની પાસે ડ્રોનવાળાનો નંબર હોય તો શેર કરવા વિનંતી છે!!

‘ગિરધરભાઈ. કોઈ ડ્રોનવાળા સાથે તમારે ઓળખાણ ખરી?’હું જાણે રોજ ડ્રોનમાં ઘરેથી બખડજંતર ચેનલની ઓફિસ અને ઓફિસથી ઘરે સાત ચાલીસની લોકલ ટ્રેનની માફક અપડાઉન કરતો હોઉં તેમ રાજુ રદીએ મને સવાલ પૂછ્યો.

‘રાજુ. તારે કોઈ છોકરીનો એરિયલ વ્યુ લેવાનો છે? લગ્ન માટે ડ્રોઈંગરૂમમાં ઉભડક મને બેસીને છોકરી જોવાય. જરૂર પડયે એકાંતમાં વાત કરાય . ત્યારબાદ છોકરી ઓકે લાગે તો ગોળધાણા કે સગાઈ કરાય. છોકરીનો બાપ ડ્રોનને પાયલોટ છે??

‘તમે મારા લગ્નની વાત પર ક્યારે મોટું ફૂલસ્ટોપ મુકશો??’ રાજુએ બોરડી ઝંઝેડતો હોય તેવો કડવો કાંટાળો પ્રશ્ર પૂછ્યો. રાજુ આ સવાલથી નારાજ થાય છે. લગ્નનો સવાલ રાજુની દુખતી નસ છે!

‘ રાજુ જ્યારે તારી જાવ ઉધલી જશે અને તું નવોઢા લઈને ઘરે આવીશ પછી લગ્નનો સવાલ પડતો મુકી બાપ ક્યારે બનીશ તેમ પૂછીશ!’ મે ઠંડા કલેજે રાજુને પ્રત્યુતર આપ્યો.

‘ ગિરધરભાઈ . આજકાલ ડ્રોનનું બહુ ચગ્યું છે. ફૂડ કેપની ફૂડની ડિલિવરી ડ્રોન મારફત કરે છે. ફાર્મા કંપની દવાની ડિલિવરી ડ્રોનથી કરે છે. આપણો પાડોશી દેશ ડ્રોન મારફત આતંકી હથિયારો આપણી સરહદે મોકલે છે. ડ્રોનનો ઉપયોગ વધતો જાય છે!’ રાજુએ ડ્રોનાયણનો આરંભ કર્યો.

‘ રાજુ લોકોને પાયલોટ કહેડાવવાનો બહુ ઢઢો છે. આજકાલ તેજસ ટ્રેન અને વંદે ભારત ટ્રેનના ડ્રાઈવર ખુદને પાયલોટ કહે છે. અમારો નવઘણ છકડો બારેમાસ ચલાવે છે. શેરબજારના આખલાની જેમ છકડો ચલાવે છે. નવઘણ પોતાને તોફાની પાયલોટા કહેવડાવે છે. કયાં પેલેનનો પાયલોટ અને કયાં છકડાનો ડ્રાઈવર !પેટ્રોલ અને પાણી મિકસ ન થાય. પણ આ લોકો પાણી અને પેટ્રોલમ્કસ કરીને જ જંપે! જમીન પર રિમોટ કંટ્રોલથી ડ્રોન આપરેટ કરનાર ડ્રોનમાં કોકપિટ ન હોય તો પણ ખાં સાહેબ પાયલોટ કહે છે. હવે હદ થાય છે!’અમે બળાપો કાઢ્યો !

ગિરધરભાઈ . ડ્રોન એટલે અમાનવ વિમાન ક્યારે શોધાયું હતું?’ રાજુએ એકેડેમિક કવેશ્ચન કર્યો.

‘રાજુ . ડ્રોન આજકાલની શોધ નથી.સને ૧૮૪૯માં યુદ્ધ લડવા માટે માનવરહિત હવાઈ વાહનનો પ્રથમવાર ઉપયોગ નોધાયેલ છે. ઓસ્ટ્રિયન દળોએ વેનિસ શહેર પર બોમ્બ લોડ કરેલ ૨૦૦ બલૂન છોડેલ. પવનની દિશા બદલાઈ જતાં બધા બલૂનો નિષ્ફળ ગયેલ. ત્યારથી લઈને કરેમને ેછફ (ડ્રોન) ટેક્નોલોજીના સ્થાપક પિતા તરીકે ગણવામાં આવે છે. તેણે ઈઝરાયેલી વાયુસેના માટે યોમ કિપ્પુર યુદ્ધ દરમિયાન તેનું પ્રથમ ડ્રોન બનાવ્યું હતું.’મે ડ્રોનનો અથ થી ઈતિ રજૂ કર્યો.

‘ ગિરધરભાઈ . ડ્રોન વિમાન ૧૨ થી ૧૩ ફૂટ લંબાઈનાં હોય છે. તેનો પંખો ૨૦ ફૂટ વ્યાસનો હોય છે. ૯ ફૂટ ઊંચું આ વિમાન ૧૫૦ કિલોમીટરની ઝડપઊંડે છે અને આસપાસના ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં હુમલા કરી શકે છે.નેનો, માઈક્રો,સ્મોલ,મિડિયમ અને લાર્જ એમ પાંચ પ્રકારના ૨૫૦ ગ્રામથી એક સો પચાસ કિલો વજનના ડ્રોન આવે છે. નેનો તેમજ માઈક્રો કેટેગરીના ડ્રોન તમે કોઈ પણ નોંધણી વિના ઉડાવી શકો છો. અને આવા ડ્રોનને તમે ૫૦ ફૂટ સુધી ની ઊંચાઈ પર ઉડાવી શકો છો. બીજા બધા માટે નોંધણી અને ઉડાવવાની પૂર્વ મંજૂરી જરૂરી છે.’ રાજુ?એ ડ્રોનની માહિતી આપી.

‘રાજુ. ભોજનની ડિલિવરી, વર્કસાઈટની ઉત્પાદકતા વધારવાથી લઈને અને સંરક્ષણ ક્ષેત્રની કાર્યક્ષમતા સુધી પાકની ઉપજ વધારવાથી, ડ્રોન ઑફર કરવાની સંભાવનાઓ અનંત છે. મોટી સંખ્યામાં ખેડૂતો ખેતરો માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા. ૨૦૩૦ સુધીમાં કોમર્શિયલ ડ્રોનનો બિઝનેસ ૭૫ હજાર કરોડ સુધી પહોંચવાની સંભાવના છે છે. ડ્રોન બાબા કેમેરા વડે પાકના રોગનું નિદાન કરતા ડોકડર ડ્રોન પણ બની ગયા છે!’ મેં કહ્યું .

‘ ગિરધરભાઈ લગ્ન, નવરાત્રીમાં ફોટોગ્રાફી માટે ડ્રોનનો ઉપયોગ થાય છે. અમદાવાદ રથયાત્રાનું નિયમન ડ્રોન મારફત કરેલ . ડ્રોનને આકાશમાં તોડી પાડવા એન્ટી ડ્રોન વપરાય છે. ડ્રોનનો ઉપયોગ ખેતરમાં દવા છાંટવા લગી બરાબર છે. પરંતુ નદીની કોતરમાં દારૂ ગાળવાના સર્વેલન્સ, ગેરકાયદેસર ખનિજ ઉત્ખનન, વૃક્ષોની દેર કાયદે કત્લ પકડવા માટે હ્યુમન ફોર્સ છે તેનો ઉપયોગ કરવાની નૈતિક હિંમત દાખવવાના બદલે ડ્રોનનો ઉપયોગ અજુગતું લાગે છે!’ રાજુએ ડ્રોનના ઉપયોગ પર આપતિ દર્જ કરી!

‘ રાજુ મહાનગરપાલિકા અને કોન્ટ્રેકટરોનો સૌનો સાથ સૌનો વિકાસનીતિને લીધે રોડ પર ખાડા છે કે ખાડા વચ્ચે રોડ છે, તેની ખબર પડતી નથી. રોડ પરના ખાડા શોધવા મેગ્નિફાઈંગ ગ્લાસ ,દૂરબીન, પેરિસ્કોપ, માઈક્રોસ્કોપ કે ટેલિસ્કોપ વાપરવાની જરૂર નથી. નરી આંખે સ્પષ્ટ દેખાય તેવા ખાડા અને ભૂવાની વણથંભી વણઝાર હોય છે. કેટલાક ખાડા તો હિરિટેજ ખાંડાનો દરજ્જો મેળવી શકે તેવા પ્રાચીનતમ છે. નાલંદા અને તક્ષશિલા વિધ્યાપીઠ સમયના ખાડા છે. આવા ખાંડાની શોધ માટે કોલંબસ, વાસ્કો ડી ગામાએ ખાડા શોધખોળ યાત્રા કાઢવાની જરૂર નથી! છતાં, મહાનગરપાલિકાએ શહેરમાં ઉભા થયેલા દબાણ,ગેરકાયદે પાર્કિંગ અને રખડતા ઢોર મામલે હવે ડ્રોનથી નજર રાખવાનો નિર્ણય કર્યો છે. તો પછી કમિશનરથી લઈને અધિકારીઓએ ચેમ્બરમાં બેસી રહેવાનો પગાર ખાવાનો ?? કવાઈમેકસ તો ત્યાં છે કે નવા બનતા રોડની કવોલિટી ચેક કરવા ઓવરસિયર , વર્કચાર્જ કારકુન,અમઈ, સુપરવાઈઝર, ઈજનેરો ધ્યાન રાખવાના બદલે શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ-રસ્તા બનાવવાની કામગીરી પર ચાંપતી નજર રાખવા માટે ડ્રોન મારફતે મોનીટરીંગ કરવા માટેની હિલચાલ હાથ ધરાઈ છે.! કામ ચોરી, આળસ , દિલદગડાઈને પ્રોત્સાહન આપવાની નીતિ છે!! ‘ મેં રાજુને નવી નીતિની જાણકારી આપી.

‘ગિરધરભાઈ મને કોઈ ઓળખીતા ડ્રોન ડ્રોનવાળાનું એડ્રેસ આપો ને!’ રાજુએ વિનંતી કરી.

‘ પણ તારે શું કામ છે?? મેં રાજુને પૂછયું.

‘ ગિરધરભાઈ આજકાલ વાંદરાનો ત્રાસ વધી ગયો છે. ઘરની છત પર કૂદકા મારે છે અને તોફાન મચાવ્યુ છે. ઘરના નળિયા પર વાંદરાઓએ સર્જિકલ સ્ટ્રાઈક કરી નળિયાંનો કડૂસલો, ખાત્મો કે બુકડો બોલાવી દીધો છે!!મારા ઘરના કેટલા નળિયા તૂટી ગયા છે તેનું ડ્રોન મારફતે એસેસમેન્ટ કરાવવું છે. જેંથી તૂટેલા નળિયા કાઢી નવા નળિયા લગાવી શકાય!’ રાજુએ કાર્ડ ઓપન કર્યાં!

હું ડ્રોનના પાયલોટની જેમ રિમોટ કંટ્રોલ લઈ આકાશમાં ઉડવા લાગ્યો!!

ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 188**
વિષય - " મકરસંક્રાંતિ "
વિભાગ - પદ્ય
શબ્દ - ૬૦
શીર્ષક - " પતંગોત્સવ "

લેખક - ?...શ્ર વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
ર્ઈર્ઝ (ર્ઈમ), મુ. રાપર.

આવ્યો રંગબેરંગી પતંગોનો પતંગોત્સવ;
આકાશે છવાયો છે રંગોનો પતંગોત્સવ;

થોડી ઢીલ, થોડી ખેંચ ને કાપ્યો છેનો નાદ,
પતંગ વચ્ચે જામ્યો, જંગોનો પતંગોત્સવ;

તલના લાડુ, ગોળની ચીકી ને શેરડી સાથે,
નાના મોટામાં જોયો ઉમંગોનો પતંગોત્સવ;

જેનાં ગળે મળે એનાં જ કાપે ગળાં અહીં,
કવિ, લેખકો માટે છે વ્યંગોનો પતંગોત્સવ;

"વ્યોમ" પર લહેતાં પતંગો જોઈને લાગે છે,
આભના દરિયે ઉછળ્યો તરંગોનો પતંગોત્સવ;

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.o199**
વિષય : ઉત્તરાયણ - મકરસંક્રાંતિ
પ્રકાર : પદ્ય
શીર્ષક : ઉત્તરાયણ
નામ : અમૃત શ્રીમાળી

રંગબેરંગી આભલા નો રંગ જાણી લઉ,
ઊંચે ચડી ઉત્તરાયણ નો ઉમંગ માણી લઉ.

અંતરનો અહમ કાઢી જંગ જાણી લઉ,
પ્રેમ, પવન, ને પતંગ નો પ્રસંગ માણી લઉ.

દોરી સરકાવું દિલની, પ્રેમના પેચ લગાવું,
કામ,ક્રોધ,ને કીર્તિ કાપી કુસંગ જાણી લઉ.

ઢીલ મૂકી ધરણીધરની ખુદાને ખેંચી લઉ,
મકર સંક્રાંતિએ મન ભરી સંગ માણી લઉ.

નીચે થી ઊંચે ચડું સહસ્ત્ર માં સ્થિર રહું,
ઉત્તરાયણે "અમૃત" નો આનંદ માણી લઉ.

નજીક નૈ દુર નૈ અવિનાશી અણનમ રૈ,
પરમ પ્રેમ ના પતંગ નો તરંગ માણી લઉ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય શબ્દ -૧૦૧
વિષય : મકરસંક્રાંતિ
વિનોદ સોલંકી "મિત્ર" લખતર.

પારંગત હો પેચ લડાવવામાં પણ જાત બચાવી નહી શકે,
બીજાના હાથમાં દોર આપીને તું પતંગ ચગાવી નહી શકે.

ઈચ્છાઓ રહી જશે અધૂરી જો ડરી જઈશ કાપમ કાપથી,
દિલના પતંગ ને એષણા ના આકાશમાં તુ નચાવી નહી શકે.

ખેંચી ખેંચી ને બહુ કાપ્યા હવે તો થોડી ઢીલ મુક ને ભાઈ,
હાથમાંથી છુટી જશે હળવેકથી પછી દોર લૂંટાવી નહી શકે.

ઊલટી સુલટી ગુલાંટો ખાતી ક્યાં રહે છે કોઈના કાબુમાં !
સહી લેવા પડશે સઘળા નખરા, એને ઝુકાવી નહી શકે.

"મિત્ર" જીંદગી ના સરવૈયા માં જુવો દોર કેટલી છે હાથમાં,
પતંગો પડ્યા રહેશે જમીન પર, એક પણ ઉડાવી નહી શકે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 169**
પ્રકાર - પદ્ય
વિષય - મકરસંક્રાંતિ
શીર્ષક - પર્વ ઉતરાયણ કેરું
શબ્દો - ૧૦૯
લેખકનું નામ - લતાબેન ચૌહાણ

જામ્યું છે ભૈ જામ્યું છે પતંગો કેરું આકાશી યુદ્ધ જામ્યું છે,
પર્વ ઉતરાયણ કેરું આવ્યું છે આકાશે યુદ્ધ જામ્યું છે.

અવનવી પતંગો ચગે છે ભૈ આકાશે યુદ્ધ જામ્યું છે,
પતંગ રસિયાઓએ ગગને રંગીન રંગોળી સજાવી છે.

ગાજે છે ભૈ ગાજે છે શેરી ને ધાબા સહુ કોઈના ગાજે છે,
કાઈપો છે ભૈ એ લપેટ, ચલ લપેટ.. લપેટ સંભળાય છે.

જલેબી, ઊંધિયું, તલપાપડીની લિજ્જત અહીં જામે છે,
પીપુડા ને મજાના ગાયનો સહુને અતીતમાં લઈ જાય છે.

દિવસે કનકવો ને રાત્રે તુકકલ આકાશે હેતે નાચે છે,
અમીર ને ગરીબ સૌ સાથે પતંગની મજાથી મ્હાલે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G. S.S. No.0102..**
વિષય :-મકરસંક્રાંતિ.
શીર્ષક:-. મકરસંક્રાંતિની ઉજવણી.
પ્રકાર :-ગદ્ય લેખ.
શબ્દ સંખ્યા:-૩૫૬.
લેખકનું નામ:-. રતીલાલ વાયડા
રચના.:-

જાન્યુઆરી તારીખ ૧૫/૧/૨૦૨૩ ના સોમવારે મકરસંક્રાંતિ આવે છે.

સંક્રાતિનું વાહન અશ્વ છે અને ઉપવાહન સિંહ છે. તેણે કાળા વસ્ત્રો અને સોનાના આભૂષણો ધારણ કરેલા છે. શાસ્ત્રોમાં આ બધી બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે .ખાસ કરીને તે જે વાહન ઉપર આવે છે તેને જે વસ્ત્રો ધારણ કરેલા છે તેમ જ આભૂષણો ધારણ કરેલા છે તેવી વસ્તુઓ મોટેભાગે મોંઘી બને છે અને વાહન માટે વપરાતા પશુઓનું દુઃખનું કારણ બને છે.

મકરસંક્રાંતિ પર્વ આખા ભારતમાં ઉજવવામાં આવે છે. ખાસ કરીને ગુજરાત, પંજાબ, ઉત્તર પ્રદેશ, દક્ષિણ ભારત વગેરેમાં જુદી જુદી રીતે અને જુદા નામે તેની ઉજવણી થાય છે. ગુજરાતમાં તેને ઉતરાયણના નામે ઓળખવામાં આવે છે. મકરસંક્રાંતિ એટલે કે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે અને ધીરે ધીરે તે ઉત્તર તરફ ખસે છે અને ત્યારથી જ વસંત ઋતુનું પણ આગમન થાય છે.

મકરસંક્રાંતિના દિવસે જુદી જુદી રાશિના લોકોએ જુદા જુદા પ્રકારનું દાન કરવાનું ખાસ મહત્વ દર્શાવવામાં આવે છે. આ દિવસે લોકો સિંગ પાક ,તલ સાકરી, ગોળ સાકરના લાડુ, ખીચડી વગેરે ખાય છે અને તેનું દાન કરે છે, આ ઉપરાંત ઝીંઝવા ,બોર, ગાજર વગેરે પણ લોકો મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે અને દાન આપે છે. મકરસંક્રાંતિના દિવસે નદીમાં સ્થાન કરી અને દાન આપવાથી અનેક પ્રકારના ફાયદા થાય છે તેનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે.

ગુજરાતમાં ખાસ કરી અને લોકો પતંગ ઉડાડે છે. આકાશ જુદી જુદી જાતના અનેક રંગોના ,અને પ્રકારના પતંગો જોવા મળે છે. લોકો પોતાની અગાસીએ આવી જાય છે અને પતંગ ઉડાડે છે. ડી.જે .વગાડે છે . પતંગ તૂટતા જોશ થી રાડો પાડે છે. આમ આખો દિવસ અને છેક સાંજ સુધી પતંગ ઉત્સવ ચાલતો રહે છે .અમદાવાદમાં તો આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવનો કાર્યક્રમ યોજવામાં આવે છે અને તેમાં જગતના જુદા જુદા દેશના લોકો ભાગ લેછે. અનેક પ્રકારના રંગબેરંગી પતંગોથી આકાશ ભરેલું જોવા મળે છે .સાંજ પડતા લોકો પતંગમાં ફાનસ બાંધે છે, ઈલેક્ટ્રીક દીવા પ્રગટાવે છે, તુકા બાંધે છે .આમ સાંજ પડતા વિવિધ રંગે આકાશ પતંગોથી ભરેલું જોવા મળે છે.

તે દિવસે લોકો તલ ,સીંગદાણા, વગેરેથી બનાવેલી વાનગીઓ ખાય છે .જલેબી ,ગાંઠિયા ,ઊંધિયું ,પૂરી વગેરેની પણ લિજ્જત લેછે .આગાસી ઉપર બેસી અને લોકો આ આનંદ કરતા હોય છે પોતાના મિત્રો સગાસંબંધીઓને ખાદ્ય પદાર્થોની ભેટ મોકલાવે છે અને એક પ્રકારના દાન પૂણ્ય કરે છે.

મકરસંક્રાંતિ ઉત્તરાયણનો આ દિવસ લોકો આનંદપૂર્વક વિતાવે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.0101**
વિષય: મકરસંક્રાંતિ
શીર્ષક: ઢીલ દેવી..
પ્રકાર: ગદ્ય
શબ્દ સંખ્યા: ૧૪૦
નામ: ભરત સાંગાણી

ગઈ કાલે અનેક ઉત્સાહીજનોને પતંગ ચગાવતા જોયા. પેચ લાગીજાય ત્યારે કોઈ દોરી ખેંચતું હતું તો કોઈ દોરીને ઢીલ દેતુ હતુ ત્યારે મનમાં એક વિચાર તરંગ આવ્યો કે આપણા પતંગને અન્ય પતંગ સાથે પેચ લાગી જાય ત્યારે દોરી ખેંચીને તેને ગુંચવી નાખવા કરતા ઢીલ દેવી એ વધુ સારુ ગણાય કારણકે કેટલીક વખત ઢીલ દઈને પણ
અન્યના પતંગને કાપી શકાય છે અથવા પેચમાંથી આપણા પતંગને મુક્ત પણ કરી શકાય છે.
આજ રીતે આપણા જીવનમાં કોઈ સાથે સંઘર્ષ સ્વરુપનો પેચ લાગી જાય ત્યારે પણ ઢીલ દઈને - સમાધાનની પહેલ કરીને - સામા પક્ષનો 'પતંગ' કાપ્યા વિના સંઘર્ષરુપી પેચમાંથી મુક્ત થવું એ વધુ સારુ અને હિતાવહ નથી ?
સૌ માટે એ વધુ સારુ છે એવી મારી સમજણ છે.
જીવનમાં આવી જતા આવા પ્રત્યેક પ્રસંગે 'ખેંચ' કરતા 'ઢીલ' ને અગ્રતા આપીને મનની સાચી શાંતિ મેળવવા જેવી ખરી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રય્ર જીજી ર્દ: ૨૧૬
વિષય: ઉતરાયણ/ મકરસંક્રાંતિ
શિર્ષક: પતંગ..પ્રકાર: પદ્ય..શબ્દ: ૮૮

રંગરંગીલો ન્યારો ન્યારો પતંગ ઉડે છે શાનમાં.
ઉતરાયણનાં ઓચ્છવે આભને લે છે બાનમાં.

આભની ઉંચી અટારીએ ઉડતો દોરીની સંગે,
ને આભલું આખું રંગિત કરતો ઉમંગોના રંગે.
ઠુમક ઠુમક ઠુમકા દઈ નાચતો એ તો તાનમાં
રંગરંગીલો ન્યારો ન્યારો પતંગ ઉડે છે શાનમાં.

નખરાળો આકાશે જઈ સૂરજને મળી આવે,
સંક્રાંતિના અવસર પર તડકાને લઈ લાવે.
સરસર..કરીને વાદળ સાથે વાતો કરે કાનમાં,
રંગરંગીલો ન્યારો ન્યારો પતંગ ઉડે છે શાનમાં.

વાયરાની સંગાથે જઈને
આભાર - નિહારીકા રવિયા આકાશે લહેરાતો,
લોકોને મલકાતા જોઈને ગાલોમાં મલકાતો.
ઉમળકા ને ખુશહાલીનો સંદેશો દેતો સાનમાં,
રંગરંગીલો ન્યારો ન્યારો પતંગ ઉડે છે શાનમાં.
મનીષા ભદ્રેશ (મુંબઈ)

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૬૪૮ અને ચાંદીમાં રૂ.૮૪૭નો ઉછાળો: ક્રૂડ તેલમાં રૂ.૧૯૩ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૮૩,૨૧૩.૪૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧,૧૬૧.૦૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૨૦૪૨.૯૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૯૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૪૭૨ અને નીચામાં રૂ.૬૧,૯૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૪૮ વધી રૂ.૬૨,૪૩૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૨૬ વધી રૂ.૫૦,૪૯૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૯ વધી રૂ.૬,૧૪૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯૦ વધી રૂ.૬૨,૪૨૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૮૬૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૨૫૦ અને નીચામાં રૂ.૭૧,૭૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૪૭ વધી રૂ.૭૨,૨૦૧ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૯૨ વધી રૂ.૭૨,૨૫૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭૫૮ વધી રૂ.૭૨,૨૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ જાન્યુઆરી વાયદો રૂ.૭૧૮.૬૦ના ભાવે ખૂલી, રૂ.૦.૧૫ વધી રૂ.૭૧૭.૧૫ જ્યારે એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૦૧.૬૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨૦૨.૨૦ સીસુ-મિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૮૨.૪૦ જસત-મિની જાન્યુઆરી વાયદો રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૨૨.૯૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૩૬ અને નીચામાં રૂ.૬,૦૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૩ વધી રૂ.૬,૧૯૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૯૧ વધી રૂ.૬,૧૯૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬૪ના ભાવે ખૂલી, રૂ.૫.૭૦ ઘટી રૂ.૨૫૯.૮૦ અને નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૫.૫ ઘટી ૨૫૯.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૫,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૬૦૦ અને નીચામાં રૂ.૫૫,૫૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૫૫,૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ ઘટી રૂ.૯૧૯.૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૩૯૫.૫૦ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૧૭૩ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૬૩૨.૯૩ કરોડનાં ૪૫,૦૦૮ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૬૩૭.૬૩ કરોડનાં ૭૨,૧૦૦ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૪૬.૫૦ કરોડનાં ૨,૫૫૮ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૩.૨૪ કરોડનાં ૪૦૨ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૩૦૮.૦૭ કરોડનાં ૧,૭૧૫ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૩૫.૪૯ કરોડનાં ૩,૪૪૩ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૩૧ કરોડનાં ૧૬ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૯૭ કરોડનાં ૧૪૯ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૭.૯૭ કરોડનાં ૯૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૪૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૬,૦૬૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૯૧ અને નીચામાં ૧૬,૦૬૦ બોલાઈ, ૧૩૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૬૬ પોઈન્ટ વધી ૧૬,૧૭૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭૨૦૪૨.૯૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૦.૭૦ અને નીચામાં રૂ.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૦.૮૦ વધી રૂ.૧૧૧.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૭.૭૫ અને નીચામાં રૂ.૧૪.૦૫ રહી, અંતે રૂ.૨.૧૫ ઘટી રૂ.૧૫.૪૫ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૨.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩૯ અને નીચામાં રૂ.૨૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૮ વધી રૂ.૩૩૯ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૦ અને નીચામાં રૂ.૧૬૧.૫૦ રહી, અંતે રૂ.૧૯૮.૫૦ વધી રૂ.૩૫૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૮૮ના ભાવે ખૂલી, રૂ.૪૩૭.૫૦ વધી રૂ.૨,૦૭૭.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૧૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૯૧.૫૦ વધી રૂ.૨,૦૯૮ થયો હતો. તાંબુ જાન્યુઆરી રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૬ વધી રૂ.૫.૭૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૨૦ અને નીચામાં રૂ.૬૭.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૬.૪૦ ઘટી રૂ.૭૯ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૬.૩૫ અને નીચામાં રૂ.૧૨.૫૦ રહી, અંતે રૂ.૨ વધી રૂ.૧૪.૫૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૨૯૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬૬ ઘટી રૂ.૩૦૦ થયો હતો, જ્યારે સોનું-મિની જાન્યુઆરી રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૦ અને નીચામાં રૂ.૩૧૦ રહી, અંતે રૂ.૨૧૯.૫૦ ઘટી રૂ.૩૧૭.૫૦ થયો હતો.

# મકરસંક્રાંતિ નિમિતે એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અપીલ

રાજકોટમાં છેલ્લા ૨૦ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઇનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે, આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે, આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલુ કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા. સંસ્થાની ૨૦ વર્ષની સેવા યાત્રાની સફળતામાં સંસ્થાના કર્મયોગી ડોકટર્સ તેમજ અન્ય ૭૦ જેટલા કર્મયોગી કર્મચારીઓની રાત-દિનની જહેમત પણ રંગ લાવી છે. છેલ્લા ૨૦ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. રસ્તે રઝળતાં નિરાધાર બીનવારસી પશુ પક્ષીઓની તેમજ રેલ્વે ટ્રેક પર અકસ્માતે ઘવાયેલી ગૌમાતાઓને અને રોડ અકસ્માતનો ભોગ બનેલ નાના—મોટા પશુઓને પણ આ સારવાર લાભ મળે છે. જેને કોઈ પુછનાર નથી એવા અબોલ જીવોની સારવારનું કાર્ય સૌના સાથ-સહકારથી થાય છે. અત્યાર સુધીમાં ૧૧ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, અગિયાર એમ્બ્યુલન્સ તેમજ ત્રણ બાઈક એમ્બ્યુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓના ૬૫૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૩ થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો "પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, સતત કરવામાં આવે છે. ગૌમાતામાં વ્યાપ્ત લમ્પી રોગની ૨૦,૦૦૦ જેટલી ગૌમાતાઓને સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં લમ્પી રોગથી બચાવવા રસીકરણ કરાયું, સારવાર અપાઈ.

ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા — ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેના "દંત ચિકિત્સા કેમ્પ×, "ચર્મ ચિકિત્સા કેમ્પ, "નેત્ર ચિકિત્સા કેમ્પનું" આયોજન કરવામાં આવ્યું હતુ. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા, પક્ષીઓ વિ. ને બચાવવામા ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ રૂપ થાય છે. અનેકવાર માછીમારીની જાળ પકડીને હજારો માછલીઓને બચાવાઈ છે. ૨૦ વર્ષમા ૨૫,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે.

### ડાંગ જિલ્લા બી.ટી.ટી.એસ દ્વારા

# હસદેવ ખાતે આદિવાસીઓના વિસ્થાપન બાબતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યુ



ડાંગ જિલ્લા બી.ટી.ટી.એસ દ્વારા સુબીર મામલતદાર ને રાષ્ટ્રપતિ ને સંબોધેલું આવેદનપત્ર પાઠવી તેમાં જણાવ્યું છે કે છત્તીસગઢ રાજયના હસદેવ ક્ષેત્રમાં કોલસાના ખનન માટે થઈ રહેલા જંગલના વિનાશને અટકાવી પર્યાવરણ, વન્યજીવ, જૈવિવિધતાને થઈ રહેલા નુકસાન અને જંગલમાં વસતા આદિવાસીઓને વિસ્થાપનથી રક્ષણ કરવા અહી આદિવાસી ગામોના સરપંચો તથા આદિવાસી યુવાઓને ૫૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ દ્વારા અટકાયત કરીને હસદેવ ક્ષેત્રના ૩૦,૦૦૦ થી વધુ વૃક્ષો કાપી નાંખીને પર્યાવરણ, વન્યજીવો, જૈવવિવિધતા અને ત્યાં વસતા આદિવાસીઓ સાથે સમગ્ર દેશના લોકોને ખુબ મોટા પાયે નુકસાન પહોંચાડવામાં આવ્યુ છે.હસંદેવ ક્ષેત્રના જંગલને ભારતના ફેફસા તરીકે ઓળખવામાં આવે છે. આ ક્ષેત્ર અસંખ્ય જીવોનું આશ્રય સ્થાન છે. જેમાં હાથી, વાઘ અને અન્ય કેટલાય લુપ્તપ્રાય જીવોનો પણ સમાવેશ થાય છે. સાથે સાથે આ જંગલો ૧૦,૦૦૦ આદિવાસીઓનું નિવાસસ્થાન છે. જેમનું જીવન સંપુર્ણ પણે જંગલ પર જ આધારિત છે. આ જંગલને નુકસાન પહોંચાડવાથી ભારત દેશની આબોહવા અને ઋતુચક્રને ખુબ મોટા પાયે નુકસાન થશે. જે આવનારા ભવિષ્ય માટે ખુબ નુકસાન કારક છે. પર્યાવરણ મંત્રાલયની વન સલાહકાર સમિતિએ પણ પણ સંકાવાવની વન સલાહકાર સિહ કોલસો કાઢવા માટે હસદેવના જંગલનો નાશ ન કરવો જોઈએ એવુ જણાવ્યુ છે. સમિતિએ જણાવ્યું છે કે જો જંગલને નુકસાન પહોંચાડવામાં આવશે તો એનાથી ખુબ મોટા પાયે પર્યાવરણને હાનિકારક અસરો થશે. સહસદેવ ક્ષેત્રની ૨૦ જેટલી ગ્રામસભાઓએ ખનન વિરુદ્ધ ઠરાવ કર્યા છે. અને ખનનને મંજુરી આપી નથી. તેમ છતાં પણ રાજ્ય સરકાર અને કેંદ્ર સરકાર ઠરાવોની અવગણના કરી આદિવાસીઓના બંધારણીય અધિકારોનું હનન કરી રહી છે. જો આદિવાસીઓ સાથે અન્યાય થશે તો આદિવાસી સમાજ આગામી દિવસોમાં આંદોલન કરશે ની ચીમકી ઉચારાઈ છે.

# ૧૦૫ શ્રોતા ઓનું ગીતા સાગર મહારાજ દ્વારા સન્માન



બુટભવાની મંદિર, વેજલપુર ખાતે ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત સત્સંગ કથાના સાતમાં દિવસે વ્યાસપીઠ ઉપર બોલાવી ૧૦૫ જેટલા ૭૦ તેમજ ૭૦ વરસ ઉપરાંત ના મહિલા શ્રોતાઓનું ગીતા સાગર મહારાજે સન્માન કરી સમગ્ર વ્રજ સેવા પરિવાર વતી સૌના સારા આરોગ્ય માટે અને કાયમ હસતાં ચાલતા રાખે એ માટે ઠાકોરજી ને પ્રાર્થના કરી હતી આ સમયે સન્માનિત થયેલ મહિલાઓ ભાવવિભોર થઈ હતી.




સ્વામી વિવેકાનંદજીનીજન્મજયંતિ "રાષ્ટ્રીય યુવા દિવસ " નિમિતે સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા કોમર્સ કોલેજ ખાતે વિવિધ પ્રાચીન રમતનું આયોજન કરવામાં આવ્યું. વિજેતા ટીમ ને સન્માન પત્ર આપવામાં આવ્યા જિલ્લાની ૬૩ શાળા અને ૧૧ કોલેજોમાં રમતોત્સવનાનું આયોજન કરવામાં આવ્યું જેના ઉદ્દઘાટન પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી જયેશભાઈ પટેલ, શ્રી ધીરુભાઈ સિંધવ, હાર્દિકભાઈ ટમાલિયા, શહેર કિસાન મોરચાના પ્રમુખ શ્રી વિપુલભાઈ ચૌહાણ, કોલેજના પ્રિન્સિપાલ વજાણી સાહેબ, બોર્ડના જિલ્લા સંયોજક અજયભાઈ ધિયડ, બોર્ડના સંયોજકો આઈ.ટી સેલના કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા

### એપીસ ઈન્ડિયા લિમિટેડનું ઓર્ગેનિક મધ ઉત્પાદન

# Apis India Limited એ અભિનેત્રી સાન્યા મલ્હોત્રાની હાજરીમાં એક ભવ્ય સમારોહમાં તેની ઓર્ગેનિક મધ પ્રોડક્ટ લોન્ચ કરી

નવી દિલ્હી. Apis India Limited yu FMCG સેક્ટરમાં એક પ્રતિષ્ઠિત અને અગ્રણી ખેલાડી છે જેની પાસે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સોર્સિંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય કરવામાં ત્રણ પેઢીનો અનુભવ છે. તેણે બોલીવુડની હાર્ટથ્રોબ અભિનેત્રી સાન્યા મલ્હોત્રાની હાજરીમાં એક ચમકદાર ઈવેન્ટ દરમિયાન તેનું ઓર્ગેનિક મધ રજૂ કર્યું. હંમેશા કુદરત દ્વારા પ્રદાન કરવામાં આવેલ ભેટોને પોષવામાં માને છે,× શ્રી અમિત આનંદ, મેનેજિંગ ડિરેક્ટર, Apis India Limited, મંત્રમુગ્ધ પ્રેક્ષકોને કહ્યું. આજે, અમે ઓર્ગેનિક મધની રજૂઆત સાથે તે પ્રતિબદ્ધતાને એક પગલું આગળ લઈ જઈ રહ્યા છીએ - એક વચન જે અમે મધમાખીઓ, પર્યાવરણ અને અમારા ગ્રાહકોને આપીએ છીએ જેઓ તંદુરસ્ત, વધુ સભાન જીવનશૈલી ઈચ્છે છે. જીવંત મૂલ્યો માટે પ્રખર સુખાકારીના હિમાયતી અને પ્રાચીન ટકાઉ પ્રથાઓના અવાજના સમર્થક તરીકે, અભિનેત્રી સાન્યા મલ્હોત્રાએ કહ્યું, ×મારા માટે, મધ એક ઉપચાર કરતાં વધુ છે. તે સૂર્યપ્રકાશનો સ્વાદ અને પ્રકૃતિ સાથે જોડાણ છે. અમારા પરસ્પર જોડાણની યાદ અપાવે છે. એપીસ ઈન્ડિયાનું આ ઓર્ગેનિક મધ આને સંપૂર્ણ રીતે દર્શાવે છે, જે પર્યાવરણની સંભાળ રાખતી વખતે તમને પોષણ આપવાની સ્વાદિષ્ટ રીત પ્રદાન કરે છે.×

આ ઈવેન્ટમાં એપીસ ઈન્ડિયાના ઉત્કૃષ્ટ ઓર્ગેનિક મધનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે કાશ્મીરની ખીણોમાં સ્થિત પ્રાકૃતિક, સજીવ પ્રમાણિત જમીનોમાંથી કાળજીપૂર્વક મેળવેલું હતું. આકર્ષક કાચની




બોટલમાં પેક કરેલા ૪૫૦ ગ્રામ મધ માટે આ ઉત્તમ ઓફરની કિંમત રૂ. ૨૪૦ થી શરૂ થાય છે. ઉપરાંત, તે માત્ર પસંદગીના બજારો અને સ્ટોર્સમાં મર્યાદિત સમય માટે ઉપલબ્ધ છે. બજારમાં ઉપલબ્ધ બિન-ઓર્ગેનિક મધ ઉત્પાદનોની કિંમત સમાન છે. કાશ્મીરના સૂર્યથી ભીંજાયેલા ઘાસના મેદાનોમાંથી પ્રાપ્ત થયેલ, આ સિંગલ-ઓરિજિન મધ એ નાજુક ફ્લોરલ નોટ્સની સિમ્ફની છે જે સ્વાદની કળીઓને મંત્રમુગ્ધ કરે છે. તેના દરેક ટીપાં પ્રકૃતિની શુદ્ધતાના સારને સમાવે છે અને સમજદાર સ્વાદની કળીઓ માટે વૈભવી અનુભવની ખાતરી આપેછે. એપીસ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ઓર્ગેનિક મધ, નૈતિક ઉત્પાદન અને ટકાઉ ખેતીને સુનિશ્ચિત કરે છે, માન્યતાપ્રાપ્ત સંસ્થાઓ દ્વારા સંપૂર્ણ રીતે પરીક્ષણ અને પ્રમાણિત કરવામાં આવે છે, મધને તેના તમામ સહજ ગુણધર્મો અને સ્વાસ્થ્ય લાભો સાથે સાચવે છે. તેનો ઉત્કૃષ્ટ સ્વાદ એક નાજુક ફ્લોરલ સિમ્ફની છે જે કોઈપણ રસોડાના અનુભવને વધારે છે. અને જવાબદાર સોર્સિંગ અને પેકેજિંગ જે પર્યાવરણીય અસરને ઘટાડે છે. જેમ જેમ ઈવેન્ટ આગળ વધતી ગઈ તેમ, મહેમાનોએ ઓર્ગેનિક મધના ઉત્કૃષ્ટ સ્વાદનો આનંદ માણ્યો અને ફિટનેસ, સ્વચ્છતા, ગુણવત્તા અને ટકાઉપણું પ્રત્યે એપીસ ઈન્ડિયાના પ્રથમ હાથના સમર્પણના સાક્ષી બન્યા. આ લોન્ચ કંપનીના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત દર્શાવે છે, જે ઓર્ગેનિક મધના સોનેરી વચન અને તંદુરસ્ત, વધુ સભાન ભવિષ્યના નિર્માણ માટેના સમર્પણથી ભરપૂર છે.

### ઉંદર પકડવા વપરાશમાં લેવામાં આવતા ગ્લુટ્રેપના વેંચાણ અને ઉત્પાદન અંગે પ્રતિબંધ લગાડવા અંગે

# રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને મિત્તલ ખેતાણી અને પ્રતિક સંઘાણી દ્વારા રજૂઆત

રાજયનાં જીવદયા પ્રેમી પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને બોલી ન શકતા પ્રાણીઓ વતી, ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયનાં સલાહકાર સમિતિનાં માનદ સભ્ય, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટીનાં મેમ્બર, ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડમાં માનદ સદસ્ય મિતલ ખેતાણી અને ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સભ્ય પ્રતિક સંઘાણી દ્વારા રાજયમાં ઉંદર મારવામાં વપરાશમાં લેવામાં આવતા ગ્લુટ્રેપનાં વેંચાણ અને ઉત્પાદન પર પ્રતિબંધ લગાડવા રજૂઆત કરવામાં આવી હતી. આ રજુઆતને ધ્યાને લઈને રાજય સરકાર દ્વારા હકારાત્મક પ્રતિભાવ મળતા મિતલ ખેતાણી અને પ્રતિક સંઘાણી દ્વારા ગુજરાત સરકારનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પશુપાલનમંત્રી રાઘવજીભાઈ પટેલનો આભાર માનવામાં આવ્યો હતો. પીસીએ એક્ટ, ૧૯૬૦ ના ઉલ્લંઘનમાં ઉંદરોની વસ્તીને નિયંત્રિત કરવા માટે વપરાતી વિવિધ ઝેરી દવાઓનું વેંચાણ અંગે અરુણાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગોવા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, મેઘાલય, મિઝોરમ, મણિપુર, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તરાખંડ, ઓડિશા, લક્ષદ્વીપ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોએ પ્રતિબંધ મૂક્યો છે. ગુજરાતમાં પણ તેનું વેંચાણ અને ઉત્પાદન બંધ થવું જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી. રાજય સરકારે આ અંગે હકારાત્મક પ્રતિભાવ આપી પરિપત્ર જાહેર કર્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, મિતલ ખેતાણી અને પ્રતિક સંઘાણી દ્વારા અવાર-નવાર જીવદયાનાં અનેકો પ્રશ્નો અંગે સ્થાનીક કક્ષાએ, રાજય સરકાર, કેન્દ્ર સરકારમાં રજૂઆતો કરવામાં આવે છે.

# કોંગ્રેસના જનસંવાદ કાર્યક્રમને જુનાગઢના લોકોનું જબરદસ્ત સમર્થન

જુનાગઢ ખાતે કોંગ્રેસ પક્ષના જનસંવાદ કાર્યક્રમમાં મળેલા ખૂબ મોટા સહકાર અને સમર્થન બદલ જુનાગઢની જનતાનો પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલે આભાર માન્યો હતો. ગઈકાલ તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ને ગુરૂવારના રોજ જુનાગઢ ખાતે જુનાગઢના લોકપ્રશ્નો અને લોકોની સમસ્યા અંગે જનસંવાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવાન મિત્રોએ મોટર સાયકલની રેલી દ્વારા શક્તિસિંહજી ગોહિલનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને ત્યારબાદ ખૂબ વિશાળ સંખ્યામાં ઝાંસીની રાણીની મૂર્તિ પાસેના ચોકમાં લોક પ્રશ્નો માટેનો સંવાદ યોજવામાં આવ્યો હતો.

લોક સંવાદ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહજી ગોહિલે સ્થાનિક લોકોના પ્રશ્નોને સાંભળીને પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસન દરમિયાન સામાન્ય માણસની સુવિધા અને મદદ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેતી હતી. કમનસીબે આજે ભાજપ સરકારના શાસનમાં સ્થાનિક લોકપ્રશ્નોની અનદેખી થાય છે.





માલધારીઓને ફોરેસ્ટના ડુંગરમાં ચરાણ તેમજ ઘાસ માટેના પાસ આપવામાં આવતા હતા, જે હાલ બંધ કરી દેવામાં આવ્યા છે. પાણીના નિકાલની જગ્યાઓએ જુનાગઢમાં ભાજપના જ મળતીયા લોકોએ દબાણ કર્યા હોવાના કારણે થોડા જ વરસાદમાં પણ જુનાગઢ શહેરમાં પાણી ભરાવાના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓ સર્જાય છે. અતિવૃષ્ટિના કારણે ખેડૂતો, માલધારીઓ અને નાના ધંધા-રોજગારવાળાને ન કલ્પી શકાય તેટલું નુકસાન થયું છે, પરંતુ તેને યોગ્ય વળતર આપવામાં આવ્યું નથી.જુનાગઢ ખાતેની જનસંવાદ સભામાં બોલતા વિશેષમાં શ્રી શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, હિન્દુ સનાતન ધર્મમાં આખરી નિર્ણય અને સર્વોત્તમ સ્થાન શંકરાચાર્યજી મહારાજનું છે. જ્યારે "શંકરાચાર્યજી મહારાજે જણાવ્યું હોય કે જે મંદિરનું કામ સંપૂર્ણ રીતે પૂર્ણ થયું ન હોય તેની પ્રાણ પ્રતિષ્ઠા ન થઈ શકે." આમ છતાં ચૂંટણીઓ આવતી હોઈ માત્ર રાજકીય લાભ માટે ભાજપ રામમંદિરની ઈવેન્ટ કરી રહી છે. જે પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત રીતે યોગ્ય નથી તેમ કહીને શંકરાચાર્યજી મહારાજ ભાજપની પ્રચાર માટેની શાસ્ત્રોથી વિરુદ્ધ મંદિરના નામે થઈ રહેલ ઈવેન્ટમાં જવાના ન હોય ત્યારે કોંગ્રેસ પક્ષે રામ ભગવાનમાં પૂરી આસ્થા અને શ્રદ્ધા દર્શાવતા ભાજપની ઈવેન્ટથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. ભગવાનના ઘરે (મંદિરે) જવા માટે કોઈ આમંત્રણની જરૂર ન હોય. કોંગ્રેસ પક્ષના એક-એક વ્યક્તિ સંપૂર્ણ આસ્થા અને શ્રદ્ધા સાથે મંદિર સંપૂર્ણ રીતે પૂર્ણ થાય અને શંકરાચાર્યજી મહારાજની અનુમતિ અને મુલાકાત થયા બાદ અમે પણ બધા રામમંદિરના દર્શનનો લાભ અવશ્ય લઈશું. દરેક હિન્દુ દેવી-દેવતાઓની પૂજા મોક્ષની પ્રાપ્તિ માટે કરે છે, પરંતુ કોઈ મતોની પ્રાપ્તિ માટે કોંગ્રેસ પક્ષનો વ્યક્તિ દેવી-દેવતાઓને શેરીઓમાં રઝળાવતો નથી. ભાજપ કામના નામે મત લઈ શકે તેમ નથી, કારણ કે કામના બદલે કારનામાં કર્યા છે, એટલે રામના નામે રોટલો શેકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કોંગ્રેસ પક્ષનો દરેક વ્યક્તિ પૂરી આસ્થા અને શ્રદ્ધા સાથે શંકરાચાર્યજી મહારાજ કે જેઓ હિન્દુ ધર્મના પ્રચાર, પ્રસાર અને યોગ્ય નિર્ણય માટે સર્વોત્તમ સ્થાન પર છે તેમની વાતને સંપૂર્ણ રીતે સ્વીકારે છે.

- ☐ જુનાગઢમાં કોંગ્રેસ પક્ષની વિશાળ બાઈક રેલી, મોટી સંખ્યામાં જનસંવાદ કાર્યક્રમ અને ત્યારબાદ લાંબી પદયાત્રા યોજાઈ.
- ☐ હિન્દુ સનાતન ધર્મમાં પૂ. શંકરાચાર્યજી મહારાજ સર્વોત્તમ સ્થાન પર છે અને શાસ્ત્રોની બાબતમાં તેમનો નિર્ણય આખરી છે ત્યારે પૂ. શંકરાચાર્યજી મહારાજે જ જણાવ્યું છે કે જે મંદિરનું કામ પૂર્ણ ન થયું હોય ત્યાં પ્રતિષ્ઠા ન થઈ શકે.
- ☐ પૂ. શંકરાચાર્યજી મહારાજની વાતને ઉથાપીને માત્ર ચૂંટણીલક્ષી રામમંદિરના નામે ભાજપ ઈવેન્ટ કરે છે, જે સ્વીકાર્ય નથી.
- ☐ પૂ. શંકરાચાર્યજી મહારાજના જણાવ્યા મુજબ સંપૂર્ણ મંદિરનું કામ પૂર્ણ થાય અને શાસ્ત્રોક્ત રીતે વિધિ સંપન્ન થયા બાદ કોંગ્રેસ પક્ષનો દરેક વ્યક્તિ રામમંદિરના દર્શને જરૂર જશે.
- ☐ શંકરાચાર્યજી મહારાજશ્રીઓ પણ જ્યારે અધુરા મંદિરની પ્રતિષ્ઠાથી સહમત થતા નથી અને ભાજપની ચૂંટણીલક્ષી ઈવેન્ટમાં હાજર રહેવાના નથી ત્યારે કોઈપણ સાચો હિન્દુ ભાજપની ઈવેન્ટમાં હાજર રહી શકે નહીં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# ઉતરાયણ પર પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને બચાવવા જીવદયા પ્રેમી મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજયમાં ૧૦મીથી કરૂણા અભિયાન. તા. ૨૦ જાન્યુઆરી સુધી સમગ્ર રાજયમાં કરૂણા અભિયાન યોજાશે




**મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં જીવો-જીવવા દો-જીવાડોનો જીવદયા અભિગમ સાકાર થશે.**

**રાજયભરમાં ૭૦૦ થી વધુ પક્ષી નિદાન કેન્દ્રો ૬૨૦ થી વધુ તબીબો ૫ હજારથી વધુ સેવાભાવી સ્વયંસેવકો 'કરૂણા અભિયાન' માં સહભાગી થશે.**

**પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો વોટસએપ અને વેબસાઈટ દ્વારા મેળવી શકાશે.**

**કરૂણા અભિયાન દરમિયાન સમગ્ર જીલ્લામાં "કરૂણા-૧૯૬૨' ની ૨૨ એમ્બ્યુલન્સ, એનિમલ હેલ્પલાઈનની ૧૧ એમ્બ્યુલન્સ, ૩ બાઈક એમ્બ્યુલન્સ, ૨ અધતન હાઈડ્રોલીક એમ્બ્યુલન્સ, જીવદયા ઘરની ૧ એમ્બ્યુલન્સ તેમજ વિવિધ વેટરનરી તબીબી કે ડોકટરો અને સારવારની વ્યવસ્થાથી સજ્જ રહેશે.**

**જિલ્લા કલેકટર શ્રી પ્રભાવ જોષી દ્વારા વ્હેલી સવારે ૬ થી ૧૦ તથા સાંજે ૪ થી ૬ પતંગ ન ઉડાડી તેમજ પ્રતિબંધીત ચાઈનીઝ દોરા, કાચ પાયેલા પાકા દોરા, તુકકલનો ઉપયોગ ન કરી પક્ષીઓના જીવન બચાવવા લાગણી સભર અપીલ.**

**ઘવાયેલા પક્ષીઓની જરૂરી અધતન સારવાર જેવી કે સોનોગ્રાફી, પેથોલોજી તેમજ જરૂરી ઓપરેશન પણ પંચનાથ વેટરનરી હોસ્પિટલમાં કરાશે.**

**કરૂણા અભિયાન-૨૦૨૪ અંતર્ગત પક્ષી નિદાન કેન્દ્રની માહિતી માટે વોટસએપ મો.૮૩૨૦૦ ૦૨૦૦૦ નંબર 'દ્વર્ઢૅહિઠ્ઠ' મેસેજ લખવાથી જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મળી શકશે.**

**તાત્કાલીક સારવાર રેસ્ક્યુ માટે કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨, ૯૮૯૮૪ ૯૯૯૫૪, ૯૮૯૮૦ ૧૯૦૫૯, ડીસ્ટ્રીકટ ડીઝાસ્ટર કંટ્રોલ રૂમ નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩ પર સંપર્ક વિનંતી.**

**સમસ્ત મહાજનના આર્થિક સહકારથી શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા કરૂણા અભીયાન અંતર્ગત સમગ્ર રાજકોટ જિલ્લામાં પક્ષીઓ માટે સારવાર કેન્દ્રો ઉભા કરી, ઈજા થયેલા પક્ષીને તાત્કાલીક સારવાર આપવાનું આયોજન કરવામાં આવશે.**

આ અભિયાનના દિવસો દરમ્યાન સમગ્ર રાજયમાં દરરોજ સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી જિલાના તમામ તાલુકાઓમાં વનવિભાગ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે, જીવો જીવવાદો અને જીવાડોની જીવદયા ભાવના સાથે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વન વિભાગે આ વર્ષે ઉતરાયણ પર્વ દરમ્યાન ઘાયલ થતાં પક્ષીઓની ત્વરીત સારવાર વ્યવસ્થા માટે વોટસએપ નંબર તથા વેબસાઈટ પર કાર્યરત કર્યા છે. એટલું જ નહીં, પશુપાલન વિભાગના હેલ્પલાઈન નંબર ૧૯૬૨ ઉપર ઘાયલ પક્ષીઓની સારવાર માટે મદદ લઈ શકાશે. આગામી ઉતરાયણ દરમ્યાન જો કોઈ પક્ષી ઘાયલ થાય તો તેની સારવાર માટે રાજયભરમાં આ વર્ષે ૭૦૦ થી વધુ પક્ષી નિદાન સારવાર કેન્દ્રો, ૬૨૦ થી વધારે તબીબો તેમજ ૬૦૦૦ ઉપરાંતની સંખ્યામાં સેવાભાવી સ્વયંસેવકો સેવારત રહેવાના છે. ઉતરાયણ જેવા તહેવારો અને લોકોત્સવોની ઉજવણી દરમ્યાન અબોલ જીવોની ચિંતા કરી તેની સારવાર-માવજતનું આ કરૂણા અભિયાન ગુજરાતની આગવી પહેલ બન્યું છે. પાછલા પાંચ વર્ષોમાં અંદાજે ૬૦ હજારથી વધુ પક્ષીઓની કરૂણા અભિયાન અન્વયે સારવાર સુશ્રુષા કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ વર્ષે ઉતરાયણ તહેવારોમાં પક્ષીઓ પતંગ દોરીથી ઘાયલ ન થાય તેની તકેદારી રાખીને તહેવાર ઉજવવા સૌને અપીલ કરી છે. રાજયભરમાં ઉતરાયણનાં તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબધ્ધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા સને-૨૦૧૭ થી 'કરુણા અભિયાન' શરૂ કરાયું છે. તા. ૧૦ મી થી તા. ૨૦/૦૧/૨૦૨૪ દરમ્યાન આ અભિયાન હેઠળ રાજયભરના તમામ જિલ્લા કલેકટરની તેમજ મ્યુનિસીપલ કમિશ્નરની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ વન વિભાગ, પશુપાલન વિભાગ, શિક્ષણ વિભાગ, પોલીસ તંત્ર, એનીમલ વેલફેર બોર્ડ, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, વિવિધ ગૌશાળાઓ પાંજરાપોળો, વિદ્યુત બોર્ડ અને રાજયભરમાં પથરાયેલ વિવિધ જીવદયાપ્રેમી સંસ્થાઓ વચ્ચે સંકલન સાધી સઘનપણે પક્ષીઓને બચાવવાની કામગીરી સુઆયોજીત ઢબે હાથ ધરાશે. આ અભિયાનમાં જીવદયાપ્રેમીઓ અને જીવદયાક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ સાથે સંકલન કરવુ અને તેમને જીલ્લા તંત્ર સાથે આ અભિયાનમાં મોટાપાયે સાંકળવુ એ અતિ મહત્વનો અભિગમ રહેશે. આ અન્વયે દરેક જિલ્લા મુખ્ય મથકોએ હેલ્પલાઈન, વિવિધ સ્થળોએ ઓપરેશન થિયેટર તેમજ પક્ષીઓના સારવાર કેન્દ્રો ઉભા કરી, ઈજા થયેલ પક્ષીઓને સારવાર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં વનવિભાગ, પશુપાલન વિભાગ, પોલીસ તંત્ર, વિવિધ સરકારી તેમજ અર્ધસરકારી તંત્રો, વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ પશુચિકિત્સક અધિકારીઓ, મહાનગરપાલીકા, માહિતી ખાતુ, ખાનગી વેટરનરી ડોકટરો સહીતનાઓને પણ સામેલ કરવામાં આવેલ છે. તદઉપરાંત આ અભિયાન હેઠળ ચાઈનીઝ દોરી અથવા ચાઈનીઝ માંઝાનો ઉપયોગ ન થાય તે અંગે જાગૃતિ કેળવાય તેમજ પતંગ ચગાવવાના ઉમંગમાં અબોલ જીવોને હાની ન થાય તે અંગે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું તેમજ મોબાઈલવાન મારફતે જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવાનું નકકી કરાયેલ છે. કરૂણા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષી સાહેબ, અધિક કલેકટર ગાંધી સાહેબ, પોલીસ કમીશ્નરશ્રી રાજુ ભાગર્વ સાહેબ, ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટીના માનદ સલાહકાર મિતલ ખેતાણી, સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ, કુમારપાળભાઈ શાહ તથા સાથી ટીમ, ડી.એફ.ઓ. શ્રી તુષારભાઈ પટેલ, ડી.એફ.ઓ. શ્રી કોટડીયા। સાહેબ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈનના પ્રતિક સંઘાણી, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી (જીૅઝ્રછ) ના માધવભાઈ દવે, જયેશ ઉપાધ્યાય, ચંદ્રકાંતભાઈ શેઠ, ચંદ્રેશભાઈ પટેલ, રાજકોટ મહાનગરપાલીકા, વન વિભાગ, નાયબ પશુપાલન નિયામક ડો. કટારા સાહેબ, ડો. ભાવેશ જાકાસણીયા સાહેબ, રાજકોટ મહાનગરપાલીકાના ડો. ભાવેશભાઈ, ડો. હીરપરા, જિલ્લા વહિવટી તંત્ર, પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ તથા છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટ શહેરના ઘવાયેલા અબોલ જીવોની નિઃશુલ્ક સારવાર કરતી અને મુખ્યમંત્રીશ્રી દ્વારા સન્માનીત, સમગ્ર ભારતની નિઃશુલ્ક પશુ–પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનોએવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, વિવિધ સંસ્થાઓ શ્રી મહાવીર સેવા ટ્રસ્ટ, રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ, પંચનાથ એનીમલ હોસ્પિટલ, સમસ્ત મહાજન, જીવદયા ઘર વિગેરેના સથવારે વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

દ્વ રાજકોટ જિલ્લામાં ચાર્ટમાં આપેલા નંબરો તા.૧૦થી તા. ૨૦ જાન્યુઆરી સુધી ઘવાયેલા પક્ષીઓની નિઃશુલ્ક સારવાર માટે કાર્યરત રહેશે.

દ્વ કરૂણા અભિયાન– ૨૦૨૪ અંતર્ગત પક્ષી નિદાન કેન્દ્રની માહિતી માટે વોટસએપ મો.૮૩૨૦૦ ૦૨૦૦૦ નંબર 'દ્વર્ઢૅહિઠ્ઠ' લખવાથી જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મળી શકશે.

દ્વ કરૂણા અભિયાન અને હેલ્પલાઈન નંબર (૧૯૬૨, ૯૮૯૮૪ ૯૯૯૫૪, ૯૮૯૮૦ ૧૯૦૫૯, ડીસ્ટ્રીકટ ડીઝાસ્ટર કંટ્રોલ રૂમ નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩)નો વિસ્તૃત પ્રચાર કરી અબોલ પક્ષીઓને બચાવવાનો સઘન પ્રયાસ કરાશે.

દ્વ રાજય સરકાર સંચાલિત કરૂણા એનિમલ હેલ્પલાઈન ૧૯૬૨ની ૨૨ જેટલી એમ્બ્યુલન્સ સમગ્ર રાજકોટ જીલ્લામાં ખડેપગે રહેશે.

દ્વ જીલ્લામાં આ અભિયાન અંતર્ગત વાહનો નકકી કરી તેના પર બેનર અને અન્ય

આભાર - નિહારીકા રવિયા પ્રચાર માધ્યમો ગોઠવી, જનજાગૃતિ કેળવવાની કાર્યવાહી કરાશે.દ્વ મહાનગરપાલિકા પશુપાલન અને વનવિભાગની કચેરીઓના વાહનો નકકી કરી ઘાયલ થયેલા પક્ષીઓને પશુ દવાખાના સુધી લઈ જવાની (શકય હશે ત્યાં સુધીની) વ્યવસ્થા ગોઠવાશે.

દ્વ જીલ્લામાં આવેલ તમામ પશુ ચિકિત્સકો, (સરકારી તેમજ અન્ય ખાનગી) ની ટીમો બનાવીને પશુ દવાખાનામાં સતત કાર્યરત રહે તેવી વ્યવસ્થા ગોઠવાશે.

દ્વ પ્રતિબંધીત ચાઈનીઝ દોરા તેમજ ચાઈનીઝ તુકકલ વેંચતા વેપારીઓ પર રેડ પાડવામાં આવશે.

દ્વ આગામી મકરસંક્રાંતિપર્વ નિમિતે જીૅઝ્રછ અને જીલ્લા પંચાયત રાજકોટ દ્વારા સમગ્ર જિલ્લામાં પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓ માટે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે. જીલ્લાનાં તમામ તાલુકા સ્તરના ૨૦ થી વધ પશુ દવાખાનાઓમાં ૪૦ થી વધુ વેટરનરી ડોકટરોની ટીમ હાજર રહેશે. અને પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર-સુશ્રષા કરશે.

ૠ ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે રાજકોટ શહેર/ જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી કંટ્રોલરૂમ કાર્યરત રહેશે.

ૠ રાજકોટ શહેરમાં મકર સંક્રાંતિ નિમીતે શરૂ કરવામાં આવેલ કંટ્રોલરૂમ

ૠ સારવારનાં સ્થળો

૧. ત્રિકોણબાગ, રાજકોટ
કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯/ ૯૮૯૮૪ ૯૯૯૫૪

૨. બાલક હનુમાન, પેડક રોડ, રાજકોટ
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૩. આત્મીય કોલેજ પાસે, કાલાવડ રોડ, રાજકોટ
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૪. કિસાનપરા ચોક, રાજકોટ
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૫. અયોધ્યા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૬. કરુણા એનીમલ હોસ્પિટલ
ગોંડલ ચોકડી પાસે,
તુલીપ પાર્ટી પ્લોટ, વાવડી, રાજકોટ.
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૭. અર્હમ યુવા સેવા ગ્રુપ, મોદી સ્કુલ પાસે
અર્હમ યુવા સેવા ગ્રુપ
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૮. શેણી સદભાવના એનીમલ હેલ્પલાઈન હોસ્પિટલ શેલ્ટર), શ્રેયાંસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પછી તરત, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડ પાછળ, જામનગર રોડ, રાજકોટ.
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૯. અર્હમ વેટરનરી કલીનીક, હનુમાન મઢી
શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન
૯૮૯૮૦ ૧૯૦૫૯ / ૯૮૯૮૪ ૯૯૯૫૪

૧૦. રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ
પાંજરાપોળ
૯૬૩૮૪૩૩૦૭૦

૧૧. પંચનાથ વેટરનરી કલીનીકપંચનાથ મહાદેવ મંદિર
૯૯૦૪૯૭૪૯૫૫

૧૨. ઈમ્પીરીયલ હાઈટ્સ
જીવદયા ઘર
૯૭૨૪૬૦૯૫૦૨

૧૩. આજીડેમ
જીવદયા ઘર
૯૭૨૪૬૦૯૫૦૨

૧૪. મુંજકા
વન વિભાગ
૯૭૨૬૧૬૭૪૫૬

૧૫. મોરબી રોડ જકાતનાકા
રુણા અભિયાન
ટોલ ફ્રી નંબર ૧૯૬૨

૧૬. વેટરનરી પોલીટેકનીક
ડૉ. ગરાળા
૯૪૨૭૨૨૦૧૪૭

રાજકોટ જિલ્લામાં કંટ્રોલરૂમની માહિતી

ઘવાયેલા પશુ-પક્ષીઓની સારવાર માટેના ઈમરજન્સી નંબર ડીસ્ટ્રીકટ ડીઝાસ્ટર
કંટ્રોલ રૂમ નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩

પશુ દવાખાના

૧. ઉપલેટા, ડૉ. એ. કે કાસુન્દ્રા, મો. ૯૭૨૩૪૧૦૦૭૨
૨. રામોદ, કોટડાસાંગાણી, મો. ૯૯૦૯૩૦૫૫૦૫
૩. ગોંડલ, ડૉ. પી. બી માદરિયા, મો. ૯૯૦૪૬૦૦૩૦૮
૪. જસદણ, ડૉ. કાગડા, મો. ૮૨૦૦૯૬૫૦૬૭
૫. જામકંડોરણા, એ. એલ. રામાણી, મો. ૯૯૨૫૦૦૭૨૦૨
૬. જેતપુર, ડૉ. કે. કે સાવલિયા, મો. ૯૬૮૭૯૮૯૬૮૨
૭. ધોરાજી, ડૉ. અમીલ ચાપડીયા, મો. ૯૭૧૨૮૫૨૨૫૫
૮. પડધરી, ડૉ. જે. કે પટેલ, મો. ૯૮૨૫૨૯૬૧૦૧
૯. રાજકોટ, ડૉ. જુનેદ મફત, મો. ૯૨૬૫૩૧૩૧૫૩
૧૦. લોધિકા, મો. ૯૯૦૯૩૦૫૫૦૫
૧૧. વિછીયા, મો. ૭૦૪૬૨૫૦૨૨૫

પંતગનાં દોરાથી વિદ્યુત તારોમાં ફસાયેલા પક્ષીની મદદ માટે પી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ પર સંપર્ક થઈ શકશે.

ઉતરાયણ પર પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને બચાવવા મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજયમાં તા.૧૦મીથી તા. ૨૦ જાન્યુઆરી સુધી ચાલનાર કરૂણા અભિયાન અંગે, રાજકોટ જિલ્લાના કરૂણા અભિયાન અંગે રાજકોટ કલેકટર પ્રભવ જોષી સાહેબ, ડી.ડી.ઓ. સાહેબ, અધિક કલેકટર ગાંધી સાહેબ, ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટીનાં માનદ સલાહકાર મિતલ ખેતાણી, સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ, કુમારપાળભાઈ શાહ, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, એસ.પી.સી.એ.ના જયેશ ઉપાધ્યાય, રાજકોટ મહાજન પાંજરાપોળનાં અગ્રણીઓ, પંચનાથ એનીમલ હોસ્પિટલ, જીવદયા ઘર, દેવાંગભાઈ માંકડ અને મયુરભાઈ શાહ, પશુપાલન વિભાગના ડો. કટારા સાહેબ, ડી.સી.એફ.તુષાર પટેલ સાહેબ,ડી.એફ.ઓ. શ્રી કોટડીયા સાહેબ, નિવૃત ડી.એફ.ઓ. પી.ટી. શીયાણી, વન વિભાગના અધિકારીઓ, એનીમલ હેલ્પલાઈનના રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ઘનશ્યામભાઈ ઠકકર, રજનીભાઈ પટેલ, પારસભાઈ ભરતભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠકકર સહિતનાઓ જહેમત ઉઠાવી રહયાં છે.

# દારૂના દરવાજા ખોલી દીધા છે તો પછી ખાળે ડૂચા મારવાનો શો અર્થ છે??

ગુજરાતમાં દારૂબંધીનો ફૂગ્ગો વરસોથી આકાશમાં સ્થિર છે. મજબુતી એવી કે ટકે વરસોવરસ એવી ટેગલાઈન અંબુજા સિમેન્ટને દારૂબંધીના ફૂગ્ગા પાસેથી ગિફ્ટ મળી છે. અરે, ભાઇ વિપક્ષી ટટ્ટુઓ શાંતિ રાખો. લેખમાં આગળ ગિફ્ટ સિટીને મળેલ ગિફ્ટની વાત પણ આવશે . આ કંઇ મેગી નથી કે બે મિનિટમાં રંધાઇ જાય. ઉતાવળે આંબા ન પાકે કે ઉંચે ટીંગાડેલ હાંડલીમાં બિરબલની ખીચડી ન પાકે !

કેટલાક મહાનુભાવો કોઇ પ્રદેશમાં જન્મ લે તેના કડવામીઠા, તીખા, તૂરા, ખાંટા માઠા ફળો પબ્લિકે ભોગવવા પડે!જેમ કે મહાત્મા ગાંધીજી. બાપુ ગુજરાતમાં જન્મેલ . બાપુ દારૂબંધીના પ્રફર હિમાયતી હતા.અલબત, બાપુએ બાળપણમાં 'શરાબના કડવા ઘૂંટ પીધા છે જાણી જાણી' તેમ સત્યના પ્રયોગોમાં જણાવ્યું છે. ગુજરાત ગાંધીનું છે એટલે દારૂબંધીનું પૂંછડું છોડી શકાય નહી તેવું ઠસાવવામાં આવેલ છે. એનો અર્થ એ નથી કે સરદાર પટેલ, મોરારજી દેસાઇ ઈન્દુલાલ યાજ્ઞિક વગેરે પિયકકડ હતા.! એ પણ દારૂબંધીના સમર્થક હતા. એક બાપુ દારૂબંધીના હિમાયતી હતા અને બીજા બાપુ કે જેમણે સરકાર ટનાટન ચલાવી હોવાનો ફૂગ્ગો આકાશમાં છોડેલ હતો એ નશાકરણના હિમાયતી છે. મોરબીના પુલની જેમ ગુજરાત બે છેડા વચ્ચે ઝૂલી રહ્યું છે. અન્ય રાજ્યોએ દારૂબંધીનો અમલ કરવા હામ ભીડેલ. હાલમાં બિહારમાં દારબંધી વેન્ટીલેટર પર કે આઇસીયુમાં છે!!

આપણે ત્યાં દારબંધી છે એટલે મદિરાજીવી સાવ કોરાધોકોડ રહી જાય છે એવું હરગીજ નથી. ઝોમેટો કે સ્વિગીની માફક બુટલેગર નામના સેવાભાવી સજ્જન માંગો તે બ્રાંડ,જથ્થો હોમ ડિવીવરીથી પહોંચાવાની ઉદાત સેવા કિફાયતી દામથી કરી રહ્યા છે. આપણે ત્યાં દેશી દારૂના સ્ટાર્ટઅપ લગભગ ગામેગામ ધમધમી રહ્યા છે. સ્ટાર્ટઅપ શબ્દ કોઇન થયો તે પહેલાથી મદિરા ઉદ્યોગો કુટિર ઉધ્યોગનો દરજ્જો આત્મસાત કરી લીધેલ . એ પણ સબસીડી કે અનુદાનની અનુપસ્થિતિમાં તેનો કરિશ્મા દેખાડી રહ્યો છે! પોલીસતંત્રના પાઇલોટિંગની મદદથી દારૂ ગોડાઉનમાં પહોંચે છે, ત્યારથી કટિંગ કરી સ્ટેન્ડ નામે ઓળખાતા વિતરણ કેન્દ્રો સુધી પહોંચે છે. માનો કે મહારાષ્ટ્રના જુણકા-ભાખર કેન્દ્રો ન હોય! દારૂબંધીના લીધે કીક લાગે તેવા લઘ્ઘુ ઉત્પાદન પ્રવૃત્તિને વેગ મળ્યો છે. જે સો ટકા મેઇક ઇન ઇન્ડિયા કે એમએસએમઇ છે!!

દારૂબંધીનો ફૂગ્ગો અજાતશત્રુ છે તેવું નથી. ફુગ્ગામાં છીદ્ર,, કાણું પાડવા, પંકચર કરવા ટાંકણી કે પીનનો ઉપયોગ કરવામાં આવે છે. દારૂબંધીના દુશ્મનો દારૂબંધીના ફુગ્ગામાં કાણું પાડવા તલવાર,ભાલા,બરછી, કાતર, કટારી , ખંજરને ઉપયોગ કરેલ છે. દારૂબંધીના ફૂગ્ગાનું રબ્બર મજબુત હોવાથી છીદ્ર પાડી શકયા નથી. હવે, તો બુલડોઝરનો ઉપયોગ કરવાનું નશાબંધી વિરોધીઓ વિચારી રહ્યા છે! કોર્ટમાં પણ કેસો દાખલ થયા છે.,પરંતું, મદિરાજીવીઓ સફળ રહ્યા નથી. દારૂબંધી ઉછાવી લેવામાં આવે તે કરતા ચાલુ રહે તેમાં તંત્ર અને સિસ્ટમને રસ છે. દારૂબંધી ઉઠાવવાથી સરકારને જે રેવન્યુ થાય તેના કરતા બુટલેગર પોલીસ, વકીલ, નેતાઓને અનેકગણી આવક એ પણ આખેઆખી કાળી કમાણી થાય છે તે કોઇ ગુમાવવા તૈયાર નથી.

દેશના બે દુશ્મન છે. નશાબંધી અને નસબંધી. નસબંધી કી ઐસી કી તૈસી કરી આપણે ઝાઝા બાળ જય ગોપાળ તોડો નસબંધી કી પાળનો અમલ કરી વસ્તીમાં વિશ્વમાં નંબર વન થઇ ગયા છીએ.હવે, આપણે નથાબંધીનો વીટો વાળી પીવામાં નંબર વન થવાનું છે! જોઇ સૌ રહ્યા છો? બાટલી ખોલી જોડાઇ જાવ!!

આપણું ગુજરાત અવિકસિત કેમ છે તેના કારણો અર્થશાસ્ત્ર કે સમાજશાસ્ત્રના વિધ્યાર્થને ખબર હશે. એ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સની જેમ ધડાધડ ગરીબી, બેકારી, શિક્ષણ, આરોગ્ય, મોંધવારી એવા ચીલાચાલુ, ચવાઈ ગયેલ અને ચિપેપ્ટ કારણોની ફેરિસ્ત રજૂ કરશે!!બોસ, આ કારણો આઉટ ઓફ ડેટ છે. વાસ્તવમાં પ્રવાસન , વેપાર ,વણજ, ઉદ્યોગનો વિકાસ ન થવા ,અવનતિ, અધોગતિ કે શતમુખ વિનિપાત પાછળ કેવળ અને કેવળ દારૂબંધી જવાબદાર છે. આ રિપોર્ટ સરકારના ઇઝ ઓફ ડુઇંગ કે અનડુઇંગના ગ્લોસી પેપરમાં રંગીન પાઇલ ચાર્ટ, આલેખ ધરાવતા મોંધા અને તગડા પૃષ્ઠોમાં છુપાયેલ છે. દારૂને ઉતેજન વિના દાતણ પણ વેચી શકાય તેન નથી. આ હુ નથી કહેતો પણ પ્રકાશ પટણી કે દિનેશ દંતાળી કહે છે!! ટૂંકમાં નશાબંધી વિકાસ આડેની એવરેસ્ટ જેવી અડચણ છે!! સાંભળો છો બાપુ?? તમે ગુજરાતને પાયમાલીની કગાર પર લાવી દીધું . કાશ, તમે પાકિસ્તાનમાં જન્મ્યા હોત તો અહીં સરદાર સરોવરને સ્થાને શરાબ સરોવર હોત . જેના કોઇ વિરોધી ન હોત!! લેકિન વો દિન કહાં કે રાજુ રદીકે હાથ મે રમ કી બોટલ??

ભારતીય સંસ્કૃતિ અને વિદેશી સંસ્કૃતિમાં હાથી અને હરણનો તફાવત છે. એ લોકો દ્રાક્ષના માણસો. આપણે રુદ્રાક્ષના માણસો. એ લોકો ભોગના જીવડાં. આપણે વિતરાગના પંથના પ્રવાસી. આપણે વિષગુરૂ . એ લોકો વિશ્વગુરૂ. વિદેશમાં માંસાહાર અને દારૂ પર પ્રતિબંધ છે!! વિદેશના લોકો ઈથોપિયાના દુકાળિયાથી બદતર છે. વિદેશીઓ હિન્દુસ્તાનના મંદિરો, સ્થાપત્યકલા, દરિયાકાંઠા, વિવિધ જૈવિક વિવિધતા નદી, ગિરિ,કંદરા વગેરે નિહાળવા આવતા નથી.,આયુર્વેદ ,સંસ્કૃત,જૈન દર્શન વગેરેનો અભ્યાસ કરવા આવતા નથી. વેપાર ,ધંધો, ઉદ્યોગો વિકસાવવા આવતા નથી. ધોળિયા ગાંધી આશ્રમમાં રેટિયો કાંતવા કે બકરીનું દૂધ પીવા આવે છે તેવું માનવારા ભીત ભૂલ્યા છે!! માત્ર મદિરાપાન કરવા કે સામિષ ભોજન કરવા આવે છે. આપણા લોકો આબુ, રતનપુર કે દીવદમણઅકરાંતિયા થઇને દારૂ પીવા જ જાય છે. દારૂ પીને ટલ્લી થઇ જાય છે.દારૂબંધીને લીધે પ્રવાસન ઠપ્પ.વેપાર ઠપ્પ. ઉધ્યોગો પાયમાલ થયા છે, આવું નશાબંધીના વિરોધીઓ માને છે. આઝાદીના પંચોતેર વરસોમાં દારૂબંધી તો પણ ગુજરાતે તમામ મોરચે અપ્રતિમ વિકાસ કર્યો છે વાત સિલેકટિવલી ભૂલી જવાઇ છે!!

આપણા પર શક,કુશાણ,હુણ,,મોંગલ, ડચ, વલંદા, પોર્ટુગીઝ,અંગ્રેજો,ચંગીઝખાન, સિકંદર તૈમૂર લંગ, બાબર, ઇબ્રાહીમ લોદી વગેરેએ શું કામ હુમલા તરેલ?? ધનદૌલત, સોનુચાંદી, સ્ત્રીઓ પામવા હુમલા કરેલ?? નોટ એટ ઓલ. આ બધા માત્રને માત્ર મધ્યપાન કે પોટલીપાન કરવા આવેલ એમ ઇતિહાસવિદ રાજુ રદી કહે છે!!પુરાણોમાં કરેલ વર્ણન મુજબ દુર્ગા માએ મહિષાસુર વધ પહેલા યુધ્ધના મેદાનમાં મને શાંતિથી મદ્યપાન કરી લેવા દે તેમ મહિષાસુરને કહ્યું હતું! દુર્ગા માતાજીએ રણમેદાનમાં મધપાન કર્યા પછી મહિષાસુરને હણ્યો હતો!

ગિફ્ટસિટીમાં અમુક શરતોને અધીન દારબંધીની નીતિના કોફિનમાં ખીલા ઠોકવાનો પ્રયોગ થઇ રહ્યો છે. એ સફળ થશે તો દારૂની રેલમછેલ થવામાં દેર નથી!ભૂતકાળમા એક મંત્રી પાણી પીતા નથી એમ કહેવામાં આવતું હતું. હવે કોમન મેન પણ મંત્રી મહોદયના કર્તવ્ય પથ પર લડખડાતા કદમ મુકશે! સૂરજ કે ચંદ્રનો આકાર ગોળમાંથી પોટલી કે બાટલી આકારનો થઇ જશે એ દિવસો દૂર નથી. નલ સે જલ યોજનામાં ચોવીસ કલાક પ્રિમિયમ કવોલિટીનો દારૂ મળશે . સિંચાઈ માટે જળાશયો ભરવામાં આવે છે તેન તળાવો રમ વ્હીસ્કી કે શેમ્પ્ઇનથી ભરવામાં આવશે. એક વાર્તા મુજબ નદીનું પાણી ઘી થઇ જાય અને વૃક્ષના પર્ણો રોટી થઇ જાય તો મિયા રોટી ઝબોલ ઝબોલકે ખાવાના ખ્વાબ દેખતા હતા તેમ શરાબીઓ સુરાતળાવમાં સુરાહી કે પયમાના ભરી ભરી અહર્નિશ પીવાના પચરંગી સ્વપ્નો જાગતી આંખે જોઇ રહ્યા છે!

ગુજરાતમાં આગવો ઉત્સાહ છે. એક નૂતન અધ્યાય પ્રારંભ થનાર છે. હરિત ક્રાંતિ, શ્વેત ક્રાંતિ, પિંક રિવોલ્યુશન, બ્લુ રિવોલ્યુશન પછી શરાબની નીટ ક્રાંતિ થઇ રહી છે. આવા માહોલમા માઠા સમાચાર છે. વાઇબ્રન્ટ મહોત્સવમાં વિદેશી મહેમાનને માંસ કે ઇંડા પિરસવામાં આવશે નહી તેવો નિર્ણય લેવાયો છે. દેશીઓ બે બે કિલો મટન ઝાપટી જાય છે. ઈંડાંમાં જીવ કયાં હોય છે?? ભૂતકાળમાં વેગ વેજીટેરિયન ઇંડાની પેપરોમાં ફૂલ પેજ જાહેરાતો આવતી હતી. આપણે સન્ડે હો યા મન્ડે રોજ ખાવો અંડેની ઘરઘરાઉ મુહિમ ચલાવીએ છીએ તો વાઇબ્રન્ટમા દેશી ખોરાક વિદેશીને પિરસીએ તો અબજો ખર્વો ડોલર રૂપિયાના એમઓયુ નહીં થાય!! હવે દારૂના દરવાજા ખોલી જ નાંખ્યા છે તો પછી વાઇબ્રન્ટમાં ઇંડા-માંસ વિદેશીને ન પિરસવાનાના ખાળે ડૂચા દેવાનો કોઇ અર્થ નથી. બી પોઝીટીવ .ડુ પોઝીટીવ એ જ અભ્યર્થના ! હવે ,પીવે ગુજરાત જીવે ગુજરાત,અને ઝૂમ બરાબર ઝૂમે ગુજરાત, લથડે ગુજરાત જેવા પ્રગતિલક્ષી પ્રોગ્રામ લોંચ થશે !!